Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા

# સંદેશિકા

શેઠ માણેકલાલ જેઠાભાઈ
પુસ્તકાલય.
અમદાવાદ.

રચનાર
અરદેશર ફરામજી ખબરદાર
માઉંટ રોડ, મદ્રાસ

પ્રકાશક
ગુજરાતી સા. પ. ભંડોળ કમિટિ
તરફથી બળવંતરાય કલ્યાણરાય ઠાકોર,
નારાયણ પેઠ, પુના

અમદાવાદમાં ખાડીયામાં જેઠાભાઈની પોળમાં
પ્રજાબંધુ પ્રિન્ટીંગ વર્કર્સમાં સી. એમ.
મોદીએ છાપ્યું

સંવત ૧૯૮૧ ઈ. સ. ૧૯૨૫

પ્રત ૧૫૦૦ આવૃત્તિ ૧ લી મૂલ્ય રૂ. ૧-૦-૦

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા

૨૧૯
ઈ

૯
૨૧૯
૨૩૨૧.

૮૯૧.૪૭૧
અબર
૨૩૨૧

મારાં
પૂજ્ય માતુશ્રી
શીરીનબાઈને
ચરણે

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા

# બે બોલ

મારી નમ્ર કૃતિઓને ચાહનારા ગુર્જરબંધુઓને જરા લાંબી રાહ જોવડાવીને આ સંગ્રહ પ્રગટ થઈ શકે છે, તે માટે મારી ચાહવાના બે બોલ હું અહિં નોંધવા ઇષ્ટ ધારૂં છું.

ઇ. સ. ૧૯૨૦ માં હું મુંબઇ ગયો હતો, તે વેળા મારા મિત્ર "વીસમી સદી" વાળા સ્વર્ગસ્થ હાજીમહમદે આ "સંદેશિકા" નો કાવ્યસંગ્રહ પોતે સુંદર રીતે છપાવી બહાર પાડવા મારી પાસેથી લઈ લીધો હતો. આ સંગ્રહ એ કલાફકીરને હાથે બહાર પડયો હોત તો ગુજરાતને એનું રૂપરંગ કાંઇ ઓર રીતે મળી રહેત. પણ વિધિને જૂદુંજ ભાવ્યું, અને એ મિત્રના અવસાન પછી બહુ બહુ વિલંબે એ સંગ્રહ એમના સત્પુત્ર પાસેથી મને પાછો મળ્યો. તે પછી મારી ચાલુ નાદુરસ્ત તબિયત અને અનિવાર્ય અડચણોને લીધે એ બહાર પાડવાનું કામ ઢીલમાંજ પડતું ગયું. ગયા ડિસેમ્બર ૧૯૨૩ માં મારા વિદ્વાન મિત્ર રા. રા. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર મદ્રાસ આવ્યા હતા, ત્યારે તેમના સ્નેહ અને આગ્રહને વશ થઇને મેં એ સંગ્રહ તેમને સ્વાધીન કર્યો અને તેમનીજ ખંતથી એ સંગ્રહ "ગુજરાતી સા. પ. ભંડોળ કમિટિ" ને એની પ્રથમ આવૃત્તિ પ્રગટ કરવા માટે સોંપ્યો. એ ભલા મિત્રની જો આટલી ખંત ન હોત તો વળી પાછી કેટલીક વધુ ઢીલ થઇજ હોત. એ કારણને લીધે આ પુસ્તકની પ્રસિદ્ધિને માટે હું એમનોજ આભારી છું.

ગુજરાતનો વાચક વર્ગ કવિતામાં હવે વધુ રસ લેતો થયો છે, અને ગુજરાતીનું શિક્ષણ શાળાઓ અને વિદ્યાપીઠોમાં પણ વધુ ઉમંગ

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



અને ખંતથી લેવાય-દેવાય છે, એ આનંદની વાત છે. આ સંગ્રહમાં સમાયલી કવિતાઓ ઉપર કશી જાતનાં ટીપ્પણુ કે ટીકાઓ તેઓના અર્થવિસ્તાર માટે હું આપી શક્યો નથી, પણ રસિક વાચક એમાંનાં રહસ્યો અને ધ્વનિઓ પોતેજ ઉકેલી લેશે, એટલી આશા તો મારા રસિક ગુજરબંધુઓ માટે હું જરૂર રાખી શકું.

મારી 'પ્રકાશિકા' બહાર પડયા પછી લખાયલી મારી લગભગ તમામ છૂટક કવિતાઓ આ સંગ્રહમાં સમાવવામાં આવી છે. મોટે ભાગે એ સર્વ સાહિત્ય, વસંત, ચેતન, ગુજરાત, નવચેતન, સમાલોચક, નવરંગ, નવજીવન, ગુજરાતી, હિંદુસ્થાન, વગેરે પ્રસિદ્ધ ગુજરાતી માસિકો અને વર્ત્તમાનપત્રોના અંકોમાં છપાઇ ગઇ હતી, અને તે માટે એઓના તંત્રીઓનો હું અહિં આભાર માનું છું.

કવિઓનાં હૈયાંના ફુવારામાં બ્રહ્માંડની રસધારાના ધોધ નિરંતર વહેતા રહે છે. એ ધોધના ધ્વનિમાં એ ફુવારો પણ રસપ્રફુલ્લ ઉડતો જાય છે. એ ફુવારાનાં રસબિંદુ એટલે એ બ્રહ્મના સંદેશા. પ્રત્યેક સાચો કવિ એ બ્રહ્મનો સંદેશવાહક છે. આ પુસ્તકનાં પૃષ્ટોમાં એ સંદેશની કાંઇક પણ ઝાંખી મારૂં રંક હૃદય ગુર્જરબંધુઓને કરાવી શકશે તો તેમાંજ એ હૃદય પોતાનો અનિર્વાચ્ય આનંદ અને વિજય માની લેશે.

મદ્રાસ: માઉંટ રોડ:

અરદેશર ફરામજી ખબરદાર

તા. ૨૧ મી નવેમ્બર ૧૯૨૪

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા

# અનુક્રમણિકા

પૃષ્ઠ

| | |
|---|---|
| સંદેશ | ૧ |
| રસપ્રભુતા | ૪ |
| જોગીડા | ૬ |
| વસંતની શોધ | ૧૦ |
| વસંતના ભણકા | ૧૬ |
| મધુરી | ૧૮ |
| મારી બહેની | ૨૨ |
| ઝૂલણું | ૨૬ |
| પારણું | ૨૮ |
| વિકાસ | ૩૦ |
| અક્ષરની ઉકેલણ | ૩૨ |
| વિરહિણી | ૩૪ |
| પ્રેમદાન | ૩૫ |
| દૂધડાં દોહતી | ૩૭ |
| મહિયારી | ૪૦ |
| ગૃહદ્વારનાં બેલડીઆં | ૪૧ |
| શૂન્ય પિંજર | ૪૫ |
| સ્નેહીને | ૪૯ |
| મલબારીના સ્વર્ગસ્થ આત્માને | ૫૨ |
| ઇલ્મમક્કાનો હાજી | ૫૪ |
| કાન્તનું સ્વર્ગપ્રયાણ | ૫૬ |

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



| | પૃષ્ઠ |
|---|---|
| દીવાળી | ૬૩ |
| નવા વર્ષનાં હાસ્ય | ૬૫ |
| જીવનનાં દેણુ | ૬૭ |
| અમારી ગુજરાત | ૭૦ |
| ટ્રાન્સવાલમાં ત્રાસ અને ગુર્જરવીરત્વ | ૭૨ |
| પુરોહિતની રાજભક્તિ | ૭૭ |
| વીરાંગના કર્મદેવી | ૮૩ |
| વીરબાળક બાદલ | ૮૮ |
| મહાત્મા ગાંધીને ચરણે | ૯૩ |
| ઓ ગુજરાત ! ઓ ગુજરાત ! | ૧૦૧ |
| ગુજરાતનો યજ્ઞકુંડ | ૧૦૮ |
| દેવીનાં નવચેતન | ૧૧૧ |
| ખાંડાની ધારે | ૧૧૪ |
| દેવીનું ખપ્પર | ૧૧૮ |
| રણહાક | ૧૨૦ |
| માનવહૃદય | ૧૨૩ |
| શું બોલું | ૧૨૭ |
| હૈયાના ઘાવ | ૧૨૯ |
| કિસ્મત | ૧૩૨ |
| દાન | ૧૩૪ |
| ઢાંપણના પડદા | ૧૩૬ |
| માનવદુઃખ અને પ્રભુનો સ્નેહ | ૧૩૮ |
| દુઃખની દેવી | ૧૪૧ |

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા




| | પૃષ્ઠ |
|---|---|
| બાળશો ના ... ... ... ... ... | ૧૪૩ |
| સંધ્યાકાળે સાગરકિનારે ... ... ... ... | ૧૪૫ |
| નાચ ... ... ... ... ... ... | ૧૫૦ |
| નવભૂમિ ... ... ... ... ... ... | ૧૫૩ |
| પ્રભુનાં ઘેલાં ... ... ... ... ... | ૧૫૫ |
| જીવનસંધ્યા ... ... ... ... ... | ૧૫૭ |
| અગોચર ધામ ... ... ... ... ... | ૧૬૩ |
| વિશ્વનું ગુહ્ય ... ... ... ... ... | ૧૬૭ |
| સ્વર્ગને બારણે ... ... ... ... ... | ૧૬૯ |
| માટીનું મૂલ ... ... ... ... ... | ૧૭૮ |
| માનવચિંતા ... ... ... ... ... | ૧૮૪ |
| ત્રિકાલ ... ... ... ... ... ... | ૧૮૭ |


Gandhi Heritage Portal

# સંદેશિકા

## સંદેશ

(ગરબી)

હૈયાના હોજ આ હેલે ચઢ્યા હો !
રેલે બ્રહ્માંડ રસધારા રે લોલ;
ઝીલો ઝીલાવો મનમહેલે, રસિકડાં !
નીતરે સંદેશ કંઈ ન્યારા રે લોલ. ૧

ઊંડા આકાશની ખાણો ખોદીને
કાઢ્યા છે રત્નરૂપ તારા રે લોલ :
એવે તે આંગણે આવો, રસિકડાં !
પ્રાણે સમાવો ચમકારા રે લોલ ! ૨

પૂર્વે સૂર્યોદયનાં પીછાં પોપટિયાં
  રંગે છે દેવના ઉતારા રે લોલ :
પશ્ચિમ પતંગિયાની પાંખો, રસિકડાં !
  વીંઝે અહિં સ્વર્ગપલકારા રે લોલ. ૩

ચંદાની દૂર દૂર ચમકે કીકી ત્યાં
  ઉછળે મહેરામણ ખારા રે લોલ :
એવા સંકેત ઉર ધારો, રસિકડાં !
  ઊંડા છે આત્મના ઉધારા રે લોલ ! ૪

પલક પલક પ્રાણકુંદન કસીને
  ઝરતું આકાશ અંગારા રે લોલ :
જીવનના જોગ કંઇ એવા, રસિકડાં !
  એવા છે પ્રાણના પુકારા રે લોલ. ૫

જીવનરુદનના તારે જૂથાઈ
  પૂરે છે સ્વર્ગ લલકારા રે લોલ :
અશ્રુમીઠાં તે એનાં ગીતો, રસિકડાં !
  કરશે કંઇ દિવ્ય અણસારા રે લોલ ૬

મીઠા હતા ને આજ ઘેરા દીસે તે
કાલે કલ્યાણ કરનારા રે લોલ:
એ રે સંસારના સૂરથી, રસિકડાં !
ફળજો આ દેહના ઇજારા રે લોલ ! ૭

હૈયાના હોજ આ હેલે ચઢ્યા હો !
રેલે છે આત્મના ઓવારા રે લોલ:
આવો, આવો, રસઆંગણુ, રસિકડાં !
ઝીલજો સંદેશ અહિં ન્યારા રે લોલ ! ૮

# રસપ્રભુતા

(પદ)*

ઘુંટડા ભરી ભરી પીઓ કો, રસનાં સરોવરો છલકાય!
રસનાં સરોવરો છલકાય, રસિકનું મન દેખી મલકાય!—
ઘુંટડા ભરી૦

આભ ભર્યું ઘૂમે આનંદે, ઓળે ચંચુ નિત્ય;
જડી જડી રસબિંદુ હૃદયમાં, ચમકાવે સહુ ચિત્તઃ
અંતર ભરી ભરી સીંચો કો, આત્મા ઊંડી ઝળે ઝળકાય!—
ઘુંટડા ભરી૦

કુંજે કુંજે ફૂલડાં ડોલે, ચૂમે લલિત વસંત,
વનવન પવન વહે રસ ભરતો, લીલા હસે અનંતઃ
ખોબે ભરી ભરીને લ્યો કો, હૈયે નવું નવું હિંચકાય!—
ઘુંટડા ભરી૦

---

* "મઝા દેતે હય કયા યાર તેરે બાલ ઘુંઘરવાલે,"—એ ચાલ.

છીપે છીપે મોતી દીપે, સાગરને ભંડાર;
નયને નયને તેજ નચવતાં, વસી ઊંડે અંધાર:
ડૂબકી ભરી ભરી કાઢો કો, તેજે નયન નયન રંગાય!—
ઘુંટડા ભરી૦

કણ કણમાં જો મણિ વિલસે છે, બિંદુ બિંદુ બ્રહ્માંડ;
રસગ્રાહક રજરજમાં નિરખે ભર્યો દિવ્ય રસકાંડ:
નયનાં ભરી ભરી નિરખો કો, રસરસ થળે થળે નીતરાય!—
ઘુંટડા ભરી૦

સરોવરો છલકે છલકાતાં રસજીવનને અર્થે:
ધન્ય ઝીલે રસ રાજહંસ કો, બગ ઊભા રહે વ્યર્થ!
આત્મા ભરી ભરી ઝીલો કો, પ્રભુની રસપ્રભુતા પથરાય!—
ઘુંટડા ભરી ભરી પીઓ કો, રસનાં સરોવરો છલકાય!

૬

# જોગીડા

(ગરબી)*

જૂના જૂના તે અમે જોગીડા,
ને જૂની જૂની અમારી જાત રે,
જોગીડા જૂના જૂના રે:

જનમ્યા જગતને કોતરે,
ને ભમિયે અંધારી રાત રે,
જોગીડા જૂના જૂના રે. ૧

જૂના સૂરજ, જૂના ચાંદલા,
ને આ જૂનાં છે ફરતાં આકાશ રે;
જોગીડા જૂના જૂના રે:

ભર્યો જગતને આંગણે
અમ શોધ્યા મળે નહિ વાસ રે;
જોગીડા જૂના જૂના રે. ૨

---

* "આશાભર્યાં તે અમે આવિયાં, કે મારો વ્હાલો રમાડશે રાસ રે, આવેલ આશાભર્યાં રે"—એ ચાલ.

જૂના ડુંગર, જૂના ઘોઘવા,
ને જૂનાં વહેતાં નદીનાં નીર રે;
જોગીડા જૂના જૂના રે:

હૈડે પુરાતન પ્રીતડી,
અમ બાંધવ પેગમ્બર પીર રે;
જોગીડા જૂના જૂના રે. ૩

જૂના જૂના ગાજે સાગરા,
ને જૂના ઊભા કિનારા કોટ રે;
જોગીડા જૂના જૂના રે:

ઊંડી દિશાઓ કંઈ ભેદતી
ચાલે અંતર ભરતી ને ઓટ રે;
જોગીડા જૂના જૂના રે. ૪

જૂના જૂના છે પેલા તારલા,
ને આ વીંટે જૂના અંધાર રે;
જોગીડા જૂના જૂના રે:

ઊંડા વનેથી તહિં આવતા
કોઈ ધૂણીકેરા ચમકાર રે;
જોગીડા જૂના જૂના રે. ૫

જૂનાં આ વન, જૂની ઝાડીઓ,
ને જૂની જટા વડલાની છાય રે;
જોગીડા જૂના જૂના રે:

ઘાડી આશા દિલ ઘેરતી,
તેમાં પંથ પાડે અમ પાય રે;
જોગીડા જૂના જૂના રે. ૬

જૂનાં તે કાળનાં મોજડાં,
ને છે જૂનો અમારો ઘાટ રે;
જોગીડા જૂના જૂના રે:

સીધાં તપોવ્રત સ્નેહનાં,
તહિં ઊભા અખંડ જોઈ વાટ રે;
જોગીડા જૂના જૂના રે ૭

જૂનાં કમંડલ, એરણા,
ને જૂનાં ભગવાં અમારી સાખ રે;
જોગીડા જૂના જૂના રે:

ભર્યાં કલ્યાણ અમ ઝોળીએ,
આવો, ચોળો અમારી ખાખ રે!
જોગીડા જૂના જૂના રે. ૮

જૂના અમે તે જગજોગીડા,
ને જૂના જૂના જગતના વેશ રે;
જોગીડા જૂના જૂના રે:

મોંઘેરા નાથના બોલડા,
આવો, દઈએ મોંઘા સંદેશ રે!
જોગીડા જૂના જૂના રે.

# વસંતની શોધ

( દિવ્ય )

કહેશો, ક્યાં જઇ સંતાઈ
　　વનજીવન લલિત વસંત ?
કહેશો, નવફૂલડે છાઈ
　　કઇ કુંજનિકુંજ હસંત ?
લીલી લીલા ઝૂલાઈ
　　દેતી રસ જગને દંત :
કહેશો, તે ક્યાં છૂપાઈ
　　પ્રીતિછાયા રસવંત ? ૧

શોધી ફૂલડાંની આંખે,
    શોધી કોયલને કંઠ ;
શોધી સંધ્યાની પાંખે,
    શોધીજ ઉષાને પંથ ;
ખોળ્યા ધરણીની સાખે
    કંઈ ગગનતણા રસગ્રંથ :
શું અવર ધરા જઈ ઝાંખે
    રસપૂર્ણ અમર ઉરકંથ ? ૨

આવી, મોહી, ઉડી જાવું :
    એ છે એની જૂની રીત ;
જગનાં જનને રહ્યું ગાવું
    ગતકાળતણાં ગુણગીત ;
ચ્હાવું, સ્હેવું ને સ્હાવું :
    એ છે જીવનની જીત ;—
કહેશો, કયમ જઈ સમજાવું
    જે પ્રીછે નહિ ઉરપ્રીત ? ૩

શું ગઇ મોહિતને છાંડી?

—એ પ્રમદારીત પુરાણ!—

ધરણી જ્યાં ધગવા માંડી,

ત્યાં થઇ આછી રસલ્હાણ;

ફરી ગ્રહે ન ગુલની દાંડી

તે અર્મોમુખરંગ પ્રમાણ,

ફરી જાણે કો ન જગાડી

વનદેવીનો ફૂલપ્રાણ. ૪

ના જોઇ ઉષાદર્પણમાં

જોતી નિજ સ્નેહસુહાગ,

સંધ્યાસરવરમાં ક્ષણમાં

પગ ધોતી ન જોઈ જરાક;

ફરી નીલા ગગનાંગણમાં

ન સુણ્યા સુરતાના રાગ;—

ઓ વસંત! તુજ આંજણમાં

શું હતા જીવનના ફાગ? ૫

ફૂલડાંને નાખ્યાં વેરી;
　　રંગો કરમાયા અદ્ય;
બંસી ઊંડી રસઘેરી
　　છે દૂર પડી અનવદ્ય;
રસસરિતા બની આછેરી
　　મુંઝવે કવિઓનાં પદ્ય:
કયાં ગઈ વસંત નમેરી?
　　કયાં ગઈ, કહી દે સદ્ય! ૬

પગલાં દીઠાં છે એનાં?
　　એ ગઈ હશે કઇ વાટ?
તું, પવન! મને કહેશે ના?
　　કો ટાળે હૃદયઉચાટ?
યૌવનરસભર તે નેણાં
　　શું ઝળે લીલમને માટ?
કે તપ માંડે લાખેણાં
　　જઈ સુરગંગાને ઘાટ? ૭

એને કો શોધી લાવો,
તો દઉં વરદાનજ સત્ય :
દઉં અમરજીવનનો લ્હાવો
ને ચિરયૌવનની ગત્ય ;
કમળોથી ભર્યાં તળાવો,
ફૂલકીકીઓનાં નૃત્ય :
ફૂલડાં ! કોયલ ! સહુ આવો !
કરિયે કંઇ શોધનકૃત્ય !— ૮

એ વિના તપ્યા તપનારા,
ને આભ રડ્યાં ચોધાર ;
ચોદિશા સમીરણ સારા
કંઇ ભમ્યા હૃદયને ભાર ;
ઝૂરી સૂકા જગક્યારા,
પંખી ગૂંજ્યાં શીત ગાર :
શું રહે સદાય ઉધારા
સુખના આશાને દ્વાર ? ૯

મૂકો ખુલ્લા ઉરમાળા,
    મૂકો સાત્ત્વિક ફળ માંય,
ગાઈ ગુણરાગ કૃપાળા
    પ્રેરો રસવંતા પાય :
રંગો રસિયા રઢિયાળા
    કંઈ ધીર સમીર વહાય,
ત્યાં સટકેલી રસબાળા
    ઉતરી આવી લોભાય ! ૧૦

લાવો પીચકારી, ભૈયા !
    લાવોજ અબીર ગુલાલ :
સ્નેહે છાંટો, રસછૈયા !
    એ સુંદરીઁ કેરા ગાલ !
પ્રિય કોકિલ, મોર, બપૈયા !
    ગાઓ, નાચો રસતાલ :
લેશો નવપુષ્પિત અહિંયા
    આ વસંતની વરમાળ ? ૧૧

૧૬

## વસંતના ભણકા

( ગરબી )

થનગન વનમાં નાચે વસંતડી,
હૈયાની કુંજ મારી હૂલે ઝૂલે;
ઊંડેરી એક તહિં બોલે કોયલડી,
ડોલે વસંતડી ફૂલે ફૂલે.—થનગન૦ ૧

ઉજળા આકાશમાં ઉઘડે વસંતડી,
દિનદિન રંગ કંઇ નવલા ઝરે;
રંગે રંગે મારી ચમકે આંખલડી,
ઠમકે વસંતડી ધરણી પરે.—થનગન૦ ૨

રસ રસ કરતી રેલે વસંતડી,
તરસી જગત અમીબિંદુ ઝીલે;
હૈયે મારે ધારા ફૂટે મીઠલડી,
લૂંટે વસંતડી છલકે ખીલે.—થનગન૦ ૩

ઝાડીના ઝુંડમાં હિંચે વસંતડી,
　　પાને પાને કળી મીંચઈ હસે;
ઘેલી ઘેલી મારી લાગે વાતલડી,
　　જાગે વસંતડી નસે નસે.—થનગન૦ ૪

લીલા લલિત નવી લાવે વસંતડી,
　　ઘેરાં ઘેરાં મારાં નયણાં ફરે;
હૈયે નવલ મ્હેક મ્હેકે રસિકડી,
　　લ્હેકે વસંતડી શમણે સરે.—થનગન૦ ૫

ઝીણું ઝીણું કંઇ ગુંજે વસંતડી,
　　ઊંડા ઊંડા ઉર ભણકા ઢળે;
આઘે આઘે સખિ! વાજે વાંસલડી,
　　આજે વસંતડી એ શું છળે?—થનગન૦ ૬

# મધુરી

( ગરબી )*

શિખરે શિખરે લીલા લલિત રમાડતી
ભરછક ઊભી ટેકરીઓની હાર જો;
ને મધુરાં મધુરાં ઝરણાં રેલાવતી
કંઈક તૃષાતુર મુખ રેડે અમીધાર જો:
એવી એ સુંદરતા ગઈ ક્યાં આજ રે ? ૧

કેડે કે કોટે ઘડીભર ટિંગાઇને
દૂધમય વાદળીઓ ત્યાં કરતી ખેલ જો;
ને ખીણો ખોળે સૂતી લંબાઇને
શમણે નિરખે સ્વર્ગંગાની વેલ જો:
એવી એ સુંદરતા ગઇ ક્યાં આજ રે ? ૨

* "ઓધવજી, સંદેશો કહેજો શ્યામને," —એ ચાલ.

લહરી મીઠી આવોં રસે અલબેલડી
　　ફૂલડાંને કાને કરતી રસવાત જો;
ને એ લહરી સંગ ભરી કરવેલડી
　　મધુરી મારી આવોં સરલતા સાથ જો:
　　　　એ સરલા સુંદરતા ગઇ ક્યાં આજ રે? ૩

લીલમલીલી શીતલ આંબાવાડોંમાં
　　પાંખડીએ વળગી ફરતાં'તાં રોજ જો;
કે સંતાઇ ચણોઠીકેરી ઝાડોંમાં
　　દેવ પરીની વાતે લેતાં મોજ જો:
　　　　એવી એ પળ મીઠી ગઇ ક્યાં આજ રે? ૪

મીઠડલાં ફૂલડાંને વધુ મહેકાવતી
　　મીઠડલી આવી'તી મધુરી મારી જો;
કોમળ શ્વાસસુવાસે હૃદય હુલાવતી
　　ચોરી લેતી'તી મુજ દુનિયા સારી જો:
　　　　એવી એ સુંદરતા ગઈ ક્યાં આજ રે? ૫

સુંદરતાનો અંત અરે જલદી દિસે,
ને ગુલની કટુતા પામે ગુલપ્રેમી જો:
તડકા સાથે ગઇ મધુરી પશ્ચિમ વિશે,—
ને મુજ માટે તો રજની છે નેમી જો:
હા ! એ સુંદરતા મળશે ક્યાં આજ રે? ૬

છે માધુર્યે શોક કંઇ અદ્‌ભુત ભર્યો,
ને શોકે પણ છે માધુર્ય અનેરૂં જો;
હા, મધુરી ગઇ ને કટુતામાં રહું ઠર્યો,
ને આ હૃદય સ્મરે મધુરૂં ને ઘેરૂં જો:
એવી એ સુંદરતા ઠરી ઉર આજ રે! ૭

છે આદિ કે અંત ન જગમાં કાંઇનો
જે નહિ માગે આંસુકેરૂં મૂલ જો:
અન્યતણાં દુઃખમાં છે જન્મજ આપણો,
ને નિજ દુઃખમાં બનવું આખર ધૂળ જો!
તો તે સુંદરતા શોધું ક્યાં આજ રે? ૮

ભૂતતણા ભડકા બાળે છે જાતને,

ને ભાવીનાં ફૂલ ગુંથે છે શમણાં જો;

એ બે લક્ષ્યતણે ઝૂલાઈ તાંતણે

અધુરી મધુરી યાદ ભરું ઉર હમણાં જો:

એવી એ સુંદરતા ઠરી ઉર આજ રે! ૬

૨૨

# મારી બ્હેની

(ગરબી)

મારા હૈડાનો હલકાર,
મીઠડી બ્હેની તું !
આવે ચાંદનીનો ચમકાર,
મીઠડી બ્હેની તું ! —(ધ્રુવ)

આછેરાં અરુણાં અજવાળાં
ઉષા ભરે જગમાંય રે,
મુજ આંગણિયે એવાં તારાં
તેજ મધુર ઢોળાય :
મધુરી બ્હેની તું. ૧

વ્યોમઅટારી તારા ટાંગી
ચંદા ફરતી જેમ રે,
ફૂલપગલી પૃથિવીમાં પાડે,
આવે રસભર તેમ,
રસીલી બ્હેની તું. ૨

વીરા પરથી વારી જતી એ
અધીરી અધીરી બ્હેન રે,
વીરાનાં દુખડાં લેવાને
તત્પર રહે દિનરેન !
અધીરી બ્હેની તું. ૩

ખરતા તારા સરતા કોરે
નભ રૂપેરી નૂર રે,
તુજ વાતલડીના ચમકારા
એમ સરે મુજ ઉર :
વ્હાલી બ્હેની તું. ૪

માતલડીનાં હેત અનેરાં
ઉર સંઘરતી બ્હેન રે,
જગ અંધારે વીરા પર તુજ
છે ચંદાશું નેન :
મોંઘી બ્હેની તું. ૫

પર્વતશિખરે ધુમસવિશેષી
શુક્ર હસંતી જોય રે,
આ સંસારે એમ સુધામય
હાસ્ય મીઠું તુજ સોહ્ય:
હસતી બ્હેની તું. ૬

મોંઘેરી બ્હેની મારી, તું
વીરાની કરબાંહ્ય રે;
વીરાના સરવરહૃદયે તુજ
ભાવતણી રહો છાંય !
વિરલી બ્હેની તું. ૭

બળતા વાયુ જગવાડીમાં
બાળે કુમળાં ફૂલ રે,
ત્યાં મુજ બ્હેનડલીની શીળી
વરસે વૃષ્ટિ અમૂલ !
મીઠડી બ્હેની તું. ૮

५२५
२३२१



માતાના બાગનીં એ ગુલકળીં !
ખીલીં પ્રસરાવ સુવાસ રે !
અદલ હૃદયમાં વસજો તારૂં
મધુરૂં મધુરૂં હાસ !
મારી બ્હેની તું. ૯

મારા હૈડાનો હલકાર,
મીઠડી બ્હેની તું:
આવે ચાંદનીનો ચમકાર,
મીઠડી બ્હેની તું !

२३२१

# ઝૂલણું

( ગરબી )*

લાડકડો લાલ મારો ફૂલે ને ઝૂલે,
ફૂલે વધાવું એની ચાલ :
મારો ફૂલે ને ઝૂલે. ૧

માતાનાં દૂધ અને પિતાની છાંયડી,
દિન દિન વધે મારો બાળ :
મારો ફૂલે ને ઝૂલે. ૨

હૈયાનાં તેજ અને આંખોનાં અમૃત,
હસતાં ખીલે એને ભાલ :
મારો ફૂલે ને ઝૂલે. ૩

દેવોની વાડીનું ફૂલ એક મીઠું,
મારી વાડીમાં ફૂળે ફાલ :
મારો ફૂલે ને ઝૂલે. ૪

---

* "રામસભામાં અમે રમવાને ગ્યાં'તાં"—એ ચાલ.

આંખોમાં તારલા ને મુખે છે ચંદ્રમા,
ચોંટ્યા પ્રભાતરંગ ગાલ :
મારો ફૂલે ને ઝૂલે. ૫

પૂર્વ ને પશ્ચિમ બે મુઠ્ઠીમાં બાંધે,
હૈયે વિજયકેરી માળ :
મારો ફૂલે ને ઝૂલે. ૬

જગની વસંત મારો જાયો ઉઘાડશે,
ભરશે થલોથલ થાળ :
મારો ફૂલે ને ઝૂલે. ૭

માતાપિતાનાં ઉરમંદિર ઉજાળશે :
જીવો ઘણેરૂં મારો લાલ :
મારો ફૂલે ને ઝૂલે. ૮

# પારણું

( ગરબી )*

નીંદરડી આવીને મારા બાગમાં પેઠી ;
નીંદરડી ! તું તો છે ફૂલ–ચોર :
હાં રે પોઢે મારો કનૈયો. ૧

નીંદરડી આવીને મારા વાસમાં પેઠી ;
નીંદરડી ! તું તો છે તેજ–ચોર :
હાં રે પોઢે મારો કનૈયો. ૨

નીંદરડી તો કનૈયાની આંખમાં પેઠી ;
નીંદરડી ! તું તો છે કીકી–ચોર :
હાં રે પોઢે મારો કનૈયો. ૩

નીંદરડી ! કનૈયાને તું લોલજે બેઠી !
કનૈયો તું જેવો દૂધ–ચોર :
હાં રે પોઢે મારો કનૈયો. ૪

---

* આ ગરબી નવી રચી છે.

નીંદરડી ! તું કનૈયાને રહેજે રે ભેટી !
કનૈયો છે પૂરો હૈયા–ચોર :
હાં રે પોઢે મારો કનૈયો. ૫

નીંદરડી ! કનૈયો મારા પ્રાણની પેટી :
જાળવજે મારો એ અમૃત–ચોર !
હાં રે પોઢે મારો કનૈયો. ૬

# વિકાસ

( રાગ સારંગ )*

આભ ઉઘડે રે ઊંડી રાતડીની માંહ્ય,
ઊંડી રાતડીની માંહ્ય,
કાળી રાતડીની માંહ્ય;
આભ ઉઘડે રે ઊંડી રાતડીની માંહ્ય.

તેજપટ બીડાઈ જાય,
તિમિરતંણુ શિર તણાય,
કોટિ કોટિ જ્યોતિ છાય
રજનીકાય
ત્યાંય;
આભ ઉઘડે રે ઊંડી રાતડીની માંહ્ય. ૧

* "વીજ ચમકે રે મીઠા મેઘલાની માંહ્ય,—એ ચાલ."

પ્રેમ ઉઘડે રે ઊંડી છાતડીની માંહ્ય,
ઊંડી છાતડીની માંહ્ય,
રસિક છાતડીની માંહ્ય;
પ્રેમ ઉઘડે રે ઊંડી છાતડીની માંહ્ય.

દુઃખઘટ રસે ભરાય,
જગત નવલરૂપ જણાય,
મધુર મધુર કંઇક થાય,
જીવન ગાય
ત્યાંય;
પ્રેમ ઉઘડે રે ઊંડી છાતડીની માંહ્ય. ૨

# અક્ષરની ઉકેલણ

( ગીત )*

ઉકેલો, ઉકેલો, ઉકેલો, ઉકેલો ઉર–અક્ષરો,
ઉકેલો કો એ અક્ષરો ;
વણલખ્યા આત્માના રે આજ,
ઉકેલો, ઉકેલો કો એ અક્ષરો !-(ધ્રુવ)

વાયુ વાયો, ફુંકાયો, સમાયો, છવાયો પાને પાને ;
ફૂલે ફૂલે ઉઘડ્યો નવસાજ :
ઉકેલો, ઉકેલો કો એ અક્ષરો ! ૧

અણદીઠી રહે વીંટી શી મીઠી વસંત આ ધરાને ;
કળીએ કળીએ રાજે રસરાજ :
ઉકેલો, ઉકેલો કો એ અક્ષરો ! ૨

---

* "કસુંબી રંગ હો ગઈ,"—એ રાહ.

જરી જોયું ન જોયું ને મોહ્યું નયન નવહાને;
એનો કોણ બતાવે ઇલાજ ?
ઉકેલો, ઉકેલો કો એ અક્ષરો ! ૩

અણધાર્યો, વકાર્યો, પુકાર્યો ટહૂક આસમાને;
ઊંડો ઊંડો ફોરે એ અવાજ :
ઉકેલો, ઉકેલો કો એ અક્ષરો ! ૪

બ્રહ્મ બોલે કે ડોલે ને ખોલે આ વિશ્વ જો પીછાંને;
એનો રંગ કો ઉતારો અમ કાજ !
ઉકેલો, ઉકેલો, કો એ અક્ષરો !
વણલખ્યા આત્માના રે આજ,
ઉકેલો, ઉકેલો કો એ અક્ષરો ! ૫

## ૩૪

# વિરહિણી

(રાગ ગારો)

નમેરીઆ ! આવો રે, મોરે નયણાં પલક ના સૂકાય.
નયણાં પલક ના સૂકાય,
હો, લયમાં ખલક ડૂબી જાય,
આવો રે, મોરે નયણાં પલક ના સૂકાય.

ભરતી ભરાય આ,
હૈયું તણાય આ,
દિલનો દિલાવર ન પાય :
આવો રે, મોરે નયણાં પલક ના સૂકાય.

માયા તે નાથની,
છાયા તે હાથની ;
વેલી અકેલી કરમાય :
આવો રે, મોરે નયણાં પલક ના સૂકાય.
નમેરીઆ ! આવો રે, મોરે નયણાં પલક ના સૂકાય.

## પ્રેમદાન

(ગરબી)

ઘામ ધખે ને ધરણી તરસે,
ધમધમ મેહુલો વરસે:
વ્હાલમજી!
એવાં તે પ્રેમદાન દેશોજી ક્યારે? ૧

મુખડાના મોહ ને દિલડાના દાવા,
આખર છે હૈયું ઠગાવા:
વ્હાલમજી!
સાચાં તે પ્રેમદાન દેશોજી ક્યારે? ૨

નયન નયનમાં પ્રતિમા પલકે,
હૈડે પરમરસ છલકે:
વ્હાલમજી!
મોંઘાં તે પ્રેમદાન દેશોજી ક્યારે? ૩

ખેલું જગાડી અંધારને ભડકે,
વીજળીશું વાદળને પડખે:
વ્હાલમજી!
શૂરાં તે પ્રેમદાન દેશોજી ક્યારે? ૪

ગગન સુહાગી રહે શશિદેહે,
અંતર સુહાગી છે સ્નેહે :
વ્હાલમજી !
મીઠાં તે પ્રેમદાન દેશોજી ક્યારે ? ૫

ભરશે વિરાટ એક સુફીના દાને,
સુફીનો ભેદ જે જાણે :
વ્હાલમજી !
ઊંડાં તે પ્રેમદાન દેશોજી ક્યારે ? ૬

પગલે પગલે જ્યાં જ્યોતિનાં ફૂલો,
સૂર્યનો માંડવ અણમૂલો :
વ્હાલમજી !
વિરલાં તે પ્રેમદાન દેશોજી ક્યારે ? ૭

શ્વાસે શ્વાસે છે આ જીવનનાં આણાં,
ભરતીનાં મોજાં ભરાણાં :
વ્હાલમજી !
દૈવી તે પ્રેમદાન દેશોજી ક્યારે ? ૮

# દૂધડાં દોહતી

( ગરબી ) *

ગોરા ઉજાસ, ગોરાં વહાણલાં, મનમોહનજી !
ગોરાં ગોરાં ગોકુલનાં ગામ :
    દૂધડાં દોહું રે મનમોહનજી !
ગોરી ચંબેલી, ગોરી વાદળી, મનમોહનજી !
ગોરી ગોરી હું ને તમે શ્યામ :
    દૂધડાં દોહું રે મનમોહનજી ! ૧

કાળી ભ્રૂકુટી, કાળી આંખડી, મનમોહનજી !
કાલી કાલી તમારી વાત :
    દૂધડાં દોહું રે મનમોહનજી !
આવી અડપલાં માં કરો, મનમોહનજી !
મારા દૂધ દોહવણિયા હાથ :
    દૂધડાં દોહું રે મનમોહનજી ! ૨

---

* " રાતલડી રળિયામણી, મનમોહનજી, "—એ ચાલ.

કાળાં અખાડિયાં આભલાં, મનમોહનજી !
કાળા કાજળિયા અંધાર :
દૂધડાં દોહું રે મનમોહનજી !
કાળી કાળી મારી ગાવડી, મનમોહનજી !
તેની ગોરી આ દૂધની ધાર :
દૂધડાં દોહું રે મનમોહનજી ! ૩

કાળા ભ્રમર ભમે વાડીમાં, મનમોહનજી !
ગોરાં ગોરાં કમળનાં ફૂલ :
દૂધડાં દોહું રે મનમોહનજી !
હિલે સિંહાસન દેવનાં, મનમોહનજી !
કરજો કાળાં ગોરાંનાં મૂલ :
દૂધડાં દોહું રે મનમોહનજી ! ૪

કાળી કૂજે કહિં કોકિલા, મનમોહનજી !
ગોરા ગોરા આંબાના મહોર :
દૂધડાં દોહું રે મનમોહનજી !
આઘે વગાડો તમ વાંસળી, મનમોહનજી !
દો'તાં દહાડો જશે ચઢી પહોર :
દૂધડાં દોહું રે મનમોહનજી ! ૫

કાળાં તળાવ, ગોરા હંસલા, મનમોહનજી !
ઊંડા ઊંડા જીવનના બોલ :
દૂધડાં દોહું રે મનમોહનજી !
લાવો મટુકી તમ આત્મની, મનમોહનજી !
આ દૂધડાંના સ્વાદ છે અમોલ !
દૂધડાં દોહું રે મનમોહનજી ! ૬

# મહિયારી

( ગરબી )*

મહિયારી! ક્યાં ચાલી ગોકુલ ગામની ?
દો'ણીમાં તેં રાખ્યું શું સંતાડી જો ?
તરસ મને લાગી છે અમૃત નામની ;
મુજને શું ના દે તુજ મહી ચખાડી જો ?
મહિયારી! ક્યાં ચાલી ગોકુલ ગામની ? ૧

ગમે મને તારાં હરિયાળાં ખેતરાં,
ને તુજ દુધિયાં ધિંગાં ઢોર ભડકતાં જો :
કાં ભડકે?—જો આ ઝાડીનાં ઝાંખરાં,
આવ, પડી અહિં સુણિયે હૃદય ધડકતાં જો !
મહિયારી ! ક્યાં ચાલી ગોકુલ ગામની ? ૨

વાડતણે ખૂણે તુજ દો'ણી મૂકશું,
તુજ ઊંઢણુ આ કમદી પર ટંગાશે જો ;
ને આ લીલી ચાર ઉપર જરી ઝૂકશું,
આત્મા ઊંડાં અમૃત ત્યાં પી પાશે જો :
મહિયારી! ક્યાં ચાલી ગોકુલ ગામની ? ૩

---

* "ઓધવજી, સંદેશો કહેજો શ્યામને,"—એ ચાલ.

# ગૃહદ્વારનાં બેલડીઆં

( માઢ-ગરબી )

આછા ઘુંઘટ ઉઘાડ,
　　　　સખીરી ! તારા આછા ઘુંઘટ ઉઘાડ !
ઉરસૌંદર્ય ચખાડ,
　　　　સખીરી ! તારા આછા ઘુંઘટ ઉઘાડ !-(ધ્રુવ)

રસરંગીલી ચંદા મધુરી
　　વેરે રૂપાફૂલ;
વાદળવસન મુખેથી ખસેડી
　　કરતી દુનિયા ડૂલ;—
　　　　સખીરી ! તારા આછા ઘુંઘટ ઉઘાડ ! ૧

સરવરસલિલે કુમુદની નાચે
　　અનિલે અનિલે પૂર;
મુખવલ્લરી ખીલવે પાંખડીમાં
　　ઝીલવા ચંદા ઉર;—
　　　　સખીરી ! તારા આછા ઘુંઘટ ઉઘાડ ! ૨

નહિ ઝીલે તો નહિ ખીલે એ,
વ્હીલે મુખ સૂકાય :
ઉરસંવાદ પ્રફુલ્લ વસે ત્યાં
રસજોડી વિકસાય ;—
સખીરી ! તારા આછા ઘુંઘટ ઉઘાડ ! ૩

અંતર તુજ આત્મા ગુંજે ને
નયને વહે સંદેશ ;
ઘુંઘટ ઉઘાડ, અહો રસરાણી !
કરી દે સ્વપ્ન ઉજેશ !—
સખીરી ! તારા આછા ઘુંઘટ ઉઘાડ ! ૪

પટ ખોલે નભલક્ષ્મી ઉષા તો
સૂર્ય ઝરે રસનેહ ;
સંધ્યાને મુખ ઘુંઘટ પડે ત્યાં
અંધ બને જગદેહ !—
સખીરી ! તારા આછા ઘુંઘટ ઉઘાડ ! ૫

ગૃહદ્વારે બેલડીઆં વંદે
વંદન વદનઉદાર ;
સમરસકલા ખીલી પ્રગટે ત્યાં
ઉરસૌભાગ્ય અપાર ;—
સખીરી ! તારા આછા ઘુંઘટ ઉઘાડ ! ૬

તુજ સ્નેહની પ્રતિમા શું બોલે,
લોલે ચેતન કેમ ?
એકલ ઉર કલાપી ન ખોલે
પ્રાણકલા પૂરી એમ ;—
સખીરી ! તારા આછા ઘુંઘટ ઉઘાડ ! ૭

રસ ન ઝરે, પ્રભુતા ન સ્ફુરે, શું
આ તુજ એવી અમાસ ?
ઘુંઘટ ઉઘાડ, ખિલાવ કલા, સખી !
વેરી દે તુજ હાસ !—
સખીરી ! તારા આછા ઘુંઘટ ઉઘાડ ! ૮

જળથળ વિલસે, રજની વિલસે,
વિલસે દિશદિશ વ્યોમ :
ઘુંઘટ ઉઘાડ, જીવનભાગી સખી !
પૂર્ણકલા ઝર સોમ !—
સખીરી ! તારા આછા ઘુંઘટ ઉઘાડ ! ૯

નયનો ઝરશે, પ્રભુતા ભરશે,
સરશે આત્માભાર :
સખીરી ! તારું હૃદય વિકસતાં
સ્વર્ગ બને સંસાર !—
સખીરી ! તારા આછા ઘુંઘટ ઉઘાડ ! ૧૦

## શૂન્ય પિંજર

(દિવ્ય)

ગઇ, ગઇ ઓ વ્હાલી દારા !
ગઇ, ગઇ તું તો રવિપાર :
તેં વાળી લીધા સહુ તારા,
મુજ કાજ રહ્યો અંધાર ;
મુજ અંતરની અમીધારા
પડી બંધ હવે આ ઠાર ;
તુજ પંથ રહ્યા કંઇ ન્યારા,
ને હા ! મુજ આ સંસાર ! ૧

જ્યારે તું ગઇ, ઓ વ્હાલી !
ઉડીને કો બીજે સ્થાન,
પડ્યું આ મુજ પિંજર ખાલી,
ત્યાં કવિત કરે નહિ ગાન ;
તુજ પૂઠે ગયું સહુ ચાલી,
જળ પૂઠે હંસ સમાન :
મુજ કાયા પડી છે ઠાલી,
ને હૃદય વિજન વેરાન. ૨

મુજ ગાન હતું તુજ કાજે,
ને તું મારૂં હતું ફૂલ :
તુજ સુંદર નખરાંનાજે
તું ખીલતી મારે ધૂળ !
તું ર્‌હેવા ગઇ સુર-તાજે,
કરવા સુરજન સહુ ફૂલ :
વ્હાલી ! કરશે ત્યાં આજે
મુજ ધૂળતણું કંઇ મૂલ ? ૩

તુજ નેન વસી રવિજ્યોતિ,
તુજ મુખે હસંત વસંત;
તુજ ગાલ ઉષા રહીં ગોતી
ડોકાવતીં જતી દિગંત;
તુજ કંઠે કોયલ ખોતી
નિજ ગાન ભમંત ભમંત;—
સહુ આંખ રહી અહિં રોતી,
ને તું ત્યાં હસે અનંત! ૪

તું ગઇ, ને સ્વર્ગ ગયું ત્યાં,
રહ્યું કંઇ મુજ પાસ ન અત્ર;
વ્હાલી! હા જાયજ તું જ્યાં,
ત્યાં સ્વર્ગ બને તુજ છત્ર!
તુજ હાસ્યફૂલો તેં ગૂંથ્યાં
ને બાંધ્યા સુરજન તત્ર:
રહ્યું સ્વર્ગ બધું યે શું ત્યાં?
અહિં ક્રૂરતા રહીં સર્વત્ર! ૫

નહિ, નહિ, વ્હાલી ! ફર પાછી ;
ફરી દે મુજને રવિભર્ગ,
ફરી ગાનલહર રહે નાચી,
ને પૂર્ણ બને રસસર્ગ.
લાગે જગ આછી આછી :
મીઠી ! શા સુરજન વર્ગ ?
સ્વર્ગે તુજ મુખ રહું યાચી,
ને તુજ મુખમાંહિં જ સ્વર્ગ ! ૬

# સ્નેહીને

( ગરબી )*

આવો, આવો અમારે બાર,

વ્હાલા પધારજો !

તમ આત્માના ઊજળા ચમકાર ;

વ્હાલા પધારજો !—

પગલે પાવન અમીછાંટણાં છાંટો,
બારણે સૂકાઈ અમ વેલ :

વ્હાલા પધારજો !

વેલી જગાવો ઉર ખેલી એ ઘેલી,
રેલી રેલાવો રસરેલ :

વ્હાલા પધારજો !— આવો૦

સ્નેહમંડપ નિત્ય આત્મ અમ ઝૂલે,
સ્નેહની દોરી સ્નેહહાથ :

વ્હાલા પધારજો !

---

* આ ગરબી નવી રચી છે.

૨૩૨૧



દોરી તૂટી કે છૂટી નહિ જાણું,
ખેંચી ઝૂલાવો તમ સાથ :
વ્હાલા પધારજો !— આવો૦

આછી આછી આ જગતની માયા :
ઊંડા અમારા વિલાસ :
વ્હાલા પધારજો !

મોંઘી મોંઘી અમ માંડવની છાયા :
મોંઘા તમારા ઉલ્લાસ :
વ્હાલા પધારજો !— આવો૦

આત્મપટ ખોલી આ મૂક્યું તમ પગલે,
ના, ના, જશો નહિ દૂર !
વ્હાલા પધારજો !

આવો, પટે એ કનકપદ લૂછું :
પામું પ્રભુજીનું નૂર :
વ્હાલા પધારજો !—

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



આવો, આવો અમારે બાર,
વ્હાલા પધારજો !
તમ હૈયાના દૈવી ચમકાર:
વ્હાલા પધારજો !

(અમ અંતરના ઊંડા અંધાર,
વ્હાલા વિદારજો !)

આવો, આવો અમારે બાર,
વ્હાલા પધારજો !

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# મલબારીના સ્વર્ગસ્થ આત્માને

(રાગ કાફી–ધીરાના પદની રાહ)

દુખિયારાંના બેલી રે, પાંગળિયાંની પાંખડી!
રોતી ગયો શું મેલી રે હિંદ મૈયાની આંખડી!— (ધ્રુવ)

ઊંચી ઊંચી તુજ મેડી આકાશે, નીચા અમારા વાસ;
તોય હૃદય તુજ નિત્ય ધડકતું, દુભતું બની દીન દાસ:
સેવા કીધી સાચી રે, જાણી ન તેં ઝરઝાંખડી;
ભૂલે તે શું ભવમાં રે હિંદ મૈયાની આંખડી?— ૧

રોતાંને જઈ રોકતો, વીરા! રોતો અંતર આપ;
હિંદ મૈયાના દીન હૃદયની શુદ્ધ બન્યો તું ખાપ:
તજી રત્નજડિત મોજડી રે, પહેરી કઠણ પદ ચાખડી;
આજે કોણજ લહોશે રે હિંદ મૈયાની આંખડી?— ૨

પૂર્વના પર્વત ને પશ્ચિમના સાગર ઘુરકી રહ્યા અંધભાવ;
શ્વેત ધજા તુજ ત્યાં રણ રોપી તેં કીધો અમૃત પ્રસ્તાવ:
બંધુતાની બાંધી રે સહુને તેં દિવ્ય રાખડી;
જોતી સ્વપ્ન મોંઘેરાં રે હિંદ મૈયાની આંખડી!— ૩

Gandhi Heritage Portal

ગાજે ગગન ઘનઘોર ફરી ને વીજ કરે ચમકાર;
પડતા પ્રલયના પડઘા પશ્ચિમમાં ખખડાવે અમ દ્વાર:
સૂઝે નવ ત્યાં સીધી રે વાટ દિસે બહુ વાંકડી;
ધીરજ ત્યાં ક્યમ ધારે રે હિંદ મૈયાની આંખડી?— ૪

બંધુતા પૃથ્વી ને સ્વર્ગની સાધી તેં, વિભુના વ્હાલા ઓ વીર!
તો અમ આશ રહી તુજમાં, તું દૂત બને અમ ધીર:
પ્રભુજીને વિનવજે રે, રક્ષે મૈયા રાંકડી,
હાસ્ય પૂરીને ઠારે રે હિંદ મૈયાની આંખડી!— ૫

સૂર્ય ચંદા ને તારલા સાથે વરસતા નિત્ય ઉજેશ,
ધર્મ અને દેશોન્નતિ કેરા મોંઘા તુજ સંદેશ:
મળજો વીર મલબારી રે ફરજ ઊભી જ્યાં જ્યાં ખડી!
ભૂલે સ્મૃતિ શું તારી રે હિંદ મૈયાની આંખડી?— ૬

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# ઈલ્મમક્કાનો હાજી

(ગઝલ)

ખુબ કરી જો ઈલ્મની સોદાગરી હાજી ગયો:
બેકદર ગુજરાતની કરી ચાકરી હાજી ગયો!
ખુબ કરી૦

જ્યાં ભર્યાં'તાં આસમાને ઘોર કાળાં વાદળાં,
રંગ ત્યાં બેમૂલ કૈં કૈં ચીતરી હાજી ગયો!
ખુબ કરી૦

જ્યાં જમીને ગુંચવાતાં ધૂળઢગ ને ઝાંખરાં,
બાદશાહી બાગ ફૂલનો ત્યાં કરી હાજી ગયો!
ખુબ કરી૦

ગુર્જરીનું ઈલ્મમક્કા પાક કીધું હજ કરી,
એક હજરતની ફકીરી દિલ ધરી હાજી ગયો!
ખુબ કરી૦

Gandhi Heritage Portal

ઓ મહોબ્બત! નાઉમેદી! ઓ જુવાની ગુલભરી!
તમ ફકીરીની અમીરી આ હરી હાજી ગયો!

ખુબ કરી૦

એ અમીરીના સખુન પર ત્યાં ફિરસ્તા છે ફિદા:
અહિં ન જાણ્યું મોતી શાં શાં વીખરી હાજી ગયો!

ખુબ કરી૦

રો હવે ગુજરાત! રો, રો! ના પિછાન્યો જીવતાં:
આંસુના દરિયાવ એવા કૈં તરી હાજી ગયો!

ખુબ કરી૦

ના અદલ ઈનામ જગનું; એક કુરબાની દિલે:
કૈં અમીરી, કૈં ફકીરી, સંઘરી હાજી ગયો!

ખુબ કરી૦

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



## કાન્તનું સ્વર્ગપ્રયાણ

( દિવ્ય )

સ્વામીના સેવક વ્હાલા,
　　એ ગુર્જરીના મણિ કાન્ત,
પ્રભુના અમૃતરસ પ્યાલા,
　　તેં પી પાયા મરણાન્ત;
તુજ આત્મન્માર્ગ નિરાળા
　　ક્યાં શોધ્યા આખર, શ્રાન્ત–
છોડી જગપંથ નમાલા
　　ક્યાં જઇ પામ્યો એકાન્ત? ૧

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



વ્હાલા, તુજ હૃદયસિતારે
 જ્યાં છેડયા પૂર્વાલાપ,
મૃદુ ઝરતી અમૃતધારે
 પળ ભૂલ્યા સૌ જગતાપ;
તુજ અંગુલિ તારે તારે
 ભરતી માધુર્ય અમાપ,
ક્યાં જઇ શોધું જગઆરે
 તુજ અદ્‌ભુત ગાનપ્રતાપ? ૨

ઓ બંધુ, ગયો તું ચાલી
 કુદરતશું ફરવા દૂર;
લાગ્યાં શું અમ ઉર ખાલી
 ચોગમ દેખે ચકચૂર?
સંભારી સ્વર્ગે વ્હાલી
 અહિં વાળ્યાં આલમનૂર?
ત્યાં ચાલ્યો ગાવા મ્હાલી
 શું ગાન પરમ રસપૂર? ૩

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



તુજ હૈયાની બલિહારી
અહિં જોઈ અમે કંઇ ઓર,
તુજ સ્નેહવસંતે ભારી
લચતા મૃદુતાભર મ્હોર;
કંઇ કંઇ ધારી અણધારી
તુજ હૈયે તપી બપોર!
ન્યારી, વ્હાલા, રે ન્યારી
તુજ કુસુમ સમી ઉરદોર! ૪

ડોલી બહુ તારી કીસ્તી
ભવસાગરને તોફાન,
ખોળી હસ્તી ને નીસ્તી
તું રોજ રહ્યો હેરાન;
તુજ નજર કદી નવ ખિસતી
જ્યાં ઝગતું દૂર નિશાન,
તુજ સફર સફળ થઇ દિસતી
સ્વામીકર દઈ સુકાન. ૫

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



શું 'નથી ઇશ્વર દુઃખીનો'?
શું 'કર્તાની કૃતિ ક્રૂર'?
જીવનભર તો રસભીનો
તું, બંધુ, રહ્યો કયમ પૂર?
જો લેવો લ્હાવ અમીનો,
તો વિષ પણ પીવું શૂર:
એ મહાપિતા પ્રભુજીનો
છે પ્રેમવિલાસ જરૂર. ૬

માગ્યું તે આજ મળ્યું છે,
શોધ્યું તે જડ્યું ઝવેર,
ઠોક્યું તે પણ ઉઘડ્યું છે:
ઓ વ્હાલા, પ્રભુની મ્હેર!
ત્યાં દેવ પરસ્પર પૂછે
દ્વારે ઊભા રસભેર,
એ આજે સ્વર્ગે શું છે?—
રસદેવ, પધારો ઘેર! ૭

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



દુનિયાએ અળગો કીધો,
તે કરવા પ્રિય વધુ આજ,
વ્હાલાંએ ઘા ઉર દીધો,
તે ચુંબન કરવા કાજ:
તેં સ્નેહસુધારસ પીધો,
લઇ પ્રભુઘેલાંનો સાજ:—
જો, પ્રભુએ ખોળે લીધો
ને શિર મૂક્યું સુરતાજ! ૮

જન્મે જન્મે ઉર કસવું,
એ છે વિધિની શુભ નેમ,
જોવા અંધારે ધસવું,
લેવા ખોવું જગક્ષેમ;
દુનિયામાં દુઃખે હસવું,
ને સુખમાં રડવું તેમ:
વ્હાલા, વિભુઉરમાં વસવું
તું સમજ્યો સાચી પ્રેમ. ૯

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



દિનકરની શોભા ખોલે
        સૂર્યાસ્તે ભર આકાશ,
જીવન જ્યાં ચઢતું ઝોલે
        ત્યાં આત્મા ભરે મિઠાશ;
નભગંગા પૂરી લોલે
        જ્યાં આંજે આંખ અમાસ,
જીવન અવસાને બોલે,
        ને પૂરે પ્રભુજી આશ. ૧૦

વ્હાલા, પ્રભુપદ તું ખેલે
        છેડી તુજ વીણાતાર;
અહિં વહતી રસભર રેલે
        મધુરી ધીરી સ્વરધાર;
રોતી ઉરપાર ઉકેલે
        ગુર્જરી તુજ ગાનપ્રકાર:
શા રંગ હશે સુરમ્હેલે ?—
        મુજ આંખ ઉડે જગપાર ! ૧૨

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



ઉગશે રવિ ને આથમશે,
રહેશે સત્યજ ને સ્નેહ,
આગળ પાછળ નભ નમશે,
વચ્ચે તપશે રવિદેહ:
તુજ ગાન પિતાઉર શમશે,
ભરશું ઉર એ રસલેહ,
ત્યાં તુજ રતિઘન ધમધમશે,
વ્હાલા, અહિં જ્યોતિર્મેહ! ૧૨

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# દીવાળી

(ગરબી)

પ્રગટે ઘરઘર આજ પ્રકાશ,
દીવાળીનાં મેરિયાં રે લોલ:
ઝબકો આર્યભૂમિના વાસ,
હો રંગભર હેલિયાં રે લોલ!

(સાખી) ઊંડું અંતર કાળનું, ઊંડા આ અંધાર;
આવે તેમાં તેજના મોંઘેરા ચમકાર:

ઊંડાં ઊંડાં છે અમ ગીત
કે ગરવાં ઘેલિયાં રે લોલ,
આવો, ગાઈએ સહુ શુભ રીત,
હો રંગભર હેલિયાં રે લોલ!— ૧

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



(સાખી) દીવે દીવે દેવની સ્નેહભરી છે આંખ;
ઝળહળ જ્યોતિ ઝીલતાં, ફૂટે પ્રાણની પાંખ:

સુરવર મુનિવર નર ને નાર
કે એમાં ખેલિયાં રે લોલ;
આવો, કરીએ આત્મવિહાર,
હો રંગભર હેલિયાં રે લોલ!— ૨

(સાખી) કોટિક તારક ઝગઝગે, કોટિક દીપ પ્રકાશ;
કોટિક એવી પ્રાણની ખીલો ઉન્નત આશ:

કોટિક આજ દીવાળી સાથ
કે અંતર રેલિયાં રે લોલ;
દીપે દીપે પ્રગટો નાથ,
હો રંગભર હેલિયાં રે લોલ!— ૩

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# નવા વર્ષનાં હાસ્ય

(ગરબી)

વ્હાલાં! નીતરે હરિના નેહ,
આનંદભર આજે!
એના ઘરઘર વરસો મેહ,
આનંદભર આજે!—
મોંઘી જગતની છાબડી ને
મોંઘી હૈયાની થાળ રે;
મોંઘા તે રસ જગનાથના હો
ઝીલો જગતનાં બાળ!—
આનંદભર આજે! ૧

કાળી દીવાળીની રાતડી, તેમાં
ઝબકે દીવા ભરતેજ રે;
નાથ હસે ત્યારે ઉજળા દીપાવે
ઊંડા અંધાર ઉર એજ:
આનંદભર આજે! ૨

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



હૈયાં હીરા, મન મોતીડાં, તે
મઢો હરિને હેમ રે;
પુણ્યની આંગળીએ પહેરી શોભાવો
આત્માનો અવિચળ પ્રેમ!
આનંદભર આજે! ૩

હસે આકાશ, હસે વાદળાં, ને
હસે પ્રભાત નવરંગ રે,
હસે જગત ફૂલ વેરતું, વ્હાલાં!
હસો સદા સુખસંગ!—
આનંદભર આજે! ૪

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# જીવનનાં દેણ

(ગીત)*

ધીરી ધીરી ઓ બહેન !
ધીરી તું બોલ, મારી બંસરી !

તારાં ઘેરાં ઘેરાં વેણ :
ધીરી તું બોલ, મારી બંસરી !— (ધ્રુવ)

ધીરી ધીરી તું બોલ,
ઝરણ હૈયાનાં ખોલ,
જગત પોલમપોલ :

પરમ કૌતુકનાં કહેણ :
ધીરી તું બોલ, મારી બંસરી !—ધીરી૦

* "કસુંબી રંગ હો ગઈ,"—એ ચાલ.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



(સાખી) શ્વાસે શ્વાસે જાય સુંદરતા જગથી સરી:
પ્રેમ રડે ને ગાય, ભરતી ઓટે માનવી !

ઉગે ઉગે સૂકાય,
ખીલે ખીલે કરમાય,
ભરે ભરે ઠલવાય :

જગતજાદુનાં ઘેન,
ધીરી તું બોલ, મારી બંસરી !—ધીરી૦

(સાખી) ફૂલડાં જાગે જ્યાર, પ્રેમ ઝૂમી રહે કોડીલો :
પાન ખરે તે વાર, જાય ઉડી જ્યમ વાયરો.

એવા એવા છે નેહ,
દોડે દુનિયાની દેહ,
પડે જીવતી જગ ચેહ :

એ તો જીવનનાં દેણ :
ધીરી તું બોલ, મારી બંસરી !—ધીરી૦

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



ધીરી, ઓ ધીરી, હા ધીરી,
ન થા તું અધીરી,
અમીરી ફકીરી,
સબીરી ! ગા તું વીરી :

ધીરી ધીરી દિન રેન,
ધીરી તું બોલ, મારી બંસરી !

તારાં ઘેરાં ઊંડાં વેણુ :
ધીરી તું બોલ, મારી બંસરી !

ધીરી ધીરી ઓ બહેન !
ધીરી તું બોલ, મારી બંસરી !

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# અમારી ગુજરાત

(ગીત)*

કોણ કહેશે, નથી આ **અમારી** ગુજરાત?
અમારી ગુજરાત હો જીવનની મહોલ્લાત:
કોણ કહેશે, નથી આ **અમારી** ગુજરાત?—(ધ્રુવ)

પગલે પગલે જ્યાં મોતી વેરાયાં,
સ્નેહે ઘૂમે માતજાયાં સજાત:
કોણ કહેશે, નથી આ **અમારી** ગુજરાત? ૧

નવ ખંડ ગાજે ચેતન અવાજે,
લ્હાવો લેવો એ તો આજે ઉદાત્ત:
કોણ કહેશે, નથી આ **અમારી** ગુજરાત? ૨

આત્માને ભોગે જોગ જમાવશું,
માને મંદિર અમ પ્રાણની બિછાત!
કોણ કહેશે, નથી આ **અમારી** ગુજરાત? ૩

*“નાહીં બનશેજી પ્રીતિના મોતીનું મૂલ”, એ ચાલ.

Gandhi Heritage Portal

જઈશું જગતને ચારે ખૂણાએ,
ગુજરાત **અમારી** ગુજરાતી અમ જાત:
કોણ કહેશે, નથી આ **અમારી** ગુજરાત? ૪

તપશું એ તાપે, જપશું એ જાપે:
એ અમ 'અહંબ્રહ્મ' ગુજરાત માત!
કોણ કહેશે, નથી આ **અમારી** ગુજરાત? ૫

દુનિયા ડોલાવશું, સાગર શોષાવશું:
મોંઘા અમ પ્રાણની એ મોંઘી મિરાત:
કોણ કહેશે, નથી આ **અમારી** ગુજરાત? ૬

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



## ટ્રાન્સવાલમાં ત્રાસ અને ગુર્જરવીરરત્ન

(મિશ્ર હરિગીત)

દેવી! ધસો અમ સંગમાં!
ભરી દ્યો અનલ અમ અંગમાં!
જગ ડોલશે,
ચખ ચોળશે
અમ જીવનના રણરંગમાં.
દેવી! ધરો રણતૂર શૂર સ્વહસ્ત હા!
જગવો, ગજાવો સૂર પૂરણ મસ્ત હા!
ભડગર્જના ત્રાડી ગગનપડ ફ્રોડતી ઊંડી વહે:
ઓ દેવી! ફૂંકો સદ્ય! અમ અંતર અનલ ભડભડ દહે!

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૨

શું આભ આ તૂટી પડે?
એ સિંધુ શું ઉલટી પડે?
દુઃખઝાળમાં
આ કાળમાં
શું તેજ અમ ખૂટી પડે?—
શું ના અમે ગુજરાતનાં સંતાન કે?
શું ના અમારી માતનું અભિમાન કે?
હિંદુ, મુસલમિન, પારસીઃ કો કહે વિવિધ અમ જાતીઓ?
એકાત્મ સહુ ઊભા અડગઃ શું ના અમે ગુજરાતીઓ?

૩

કંઈ દેશદેશ ઘૂમ્યા અમે,
કહિં રવિ ઉગે, કહિં આથમે:
જંગલ બધાં
મંગલ કીધાં
અમ ધીરપાદ પરાક્રમે!
ન ગણ્યાં અમે પ્હાડો, વનો, મહાસાગરોઃ
ન ગણ્યાં અમે કંઇ વનચરો કે જળચરોઃ
રે કંઈ હજારો વર્ષથી હર્ષે મચ્યા પરદેશમાં,
તે માતૃદૂધ ધિકરાવવા શું જીવીએ આ વેશમાં?

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૪

ઓ રણશૂરી ગુજરાતણો !
પ્રતિભાપૂરી ગુજરાતણો !
(શું એજ કે
ઘરને ચકે
રોઅતી ઝૂરી ગુજરાતણો ?) —
પડખે અમારે રહો સહે સહુ વેદના,
રણદેવીશું ફૂંકે ઉરે અમ ચેતના;
ગૌરવ–પ્રભા–મહિમાવતી ! વીરત્વ તમ ઝળકાવજો !
તમ કૂખ પાકયાં મોતીડાં અમ દેશને દીપાવજો !

૫

હે બ્રિટનના યશરક્ષકો !
સ્વાતંત્ર્યના ઉરભક્ષકો
વિષ વિષ ભીડે
અમને પીડે
આ ત્રાન્સવાલી તક્ષકો !—
ભડ યુદ્ધમાં ગાજી ઊભા સાથે અમે :
કયમ દૂર જઈ દૃગ ફેરવો આજે તમે ?
તમ કિરણતંતુ ગ્રહી ઊભા સામ્રાજ્યની છાયા તળે,
ત્યાં એક તસુ ભૂમિયે અમોને ના મળે, શું ના મળે ?

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૬

ઉકળે અમારાં અંતરો,
આંખે વહે અગ્નિઝરો :
હઠીએ નહીં,
લટીએ નહીં
આ આફતે અમ સિંહનરો !—
શું અમે કાળા હિંદીઓ કહેવાઈએ ?
તમ હૃદય કાળાં ચીતરી ક્યમ ગાઈએ ?
અમ આત્મકુંદન અગ્નિ આ બળતાં પ્રતાપ ઝગાવશે,
ઓ બોઅરો ! તમ ઘોર આ ઉરભૂમિને જ ધગાવશે !

૭

વીરા ! મચી શી હોળી આ !
શા સુભટરંગો ચોળી આ
ઉરશક્તિની
વ્રત ભક્તિની
અમ પ્રાણને ધૂળ રોળી આ !—
વીરા ! અમારા રંગમાં ચીર બોળજો !
વીરા ! અમારા ફાગની ધૂળ ચોળજો !
ઘેરા ગગનને ફોડતી, પાતાળનાં પડ તોડતી,
આવો, પ્રમત્ત ગજાવીએ રણહોરી જગ ઝંઝોડતી !

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૮

ઉછળો ગગન મહાસાગરો !
વંટોળિયા નભને ભરો !
ત્હાડો પડો !
જ્વાલા ઉડો !
અંધાર અવનિ આવરો !
ગુજરાતના શૂરા અમે ગુજરાતીઓ !
થઇએ શું ભારતદેવીના યશવાર્તાઓ ?
અમ ગેહ દઈએ, દેહ દઇએ, ચેહ બળીએ તાર્તા ઓ !
અમ ટેક ના તજીએ કદી !–રે આ અમે ગુજરાતીઓ !

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# પુરોહિતની રાજભક્તિ

(અનુષ્ટુપ્)

"રાજપુત્ર હું છું ત્યાં શો યુદ્ધનો ભય રાખવો;
ભ્રાતા! અસ્ત્ર ચલાવીને રણપાંડિત્ય દાખવો!" ૧

(વસંતોપેંદ્ર)

પ્રતાપ ને શુક્ત સુસંપ ધારે,
રાણા ઉદેસિંહતણા સુત બેઉ શૂરા:
દુર્યોગ એક દિન તે પ્રિય વીર પૂરા
ચડ્યા વિવાદે મૃગયાવિહારે. ૨

(મંદાક્રાંતા)

તાપે ઊંડું વન બહુ તપે, અગ્નિજ્વાલા છવાતી,
અશ્વો સર્વે ફિણફિણ થતા ત્યાં સહે ભૂમિ તાતી;
આઘે પક્ષી સભય ઉડતાં ઊંડી છાંયે ભરાય,
ને ત્હેંજે ત્યાં ઉભય કુંવરો વાદમાં કૈં તણાય. ૩

Gandhi Heritage Portal

(અનુષ્ટુપ્)

પ્રસ્તાવ ત્યાં પ્રતાપે તો દ્વંદ્વયુદ્ધતણો કીધો:
શુકતે તે શૂર શબ્દોથી ઉત્તર ભ્રાતને દીધો. ૪

દ્વંદ્વયુદ્ધે પડે બન્ને, શસ્ત્ર સૌ ચમકી રહે;
વીરહાકે ધરા ધ્રૂજે, સાથીઓ નિરખી રહે. ૫

(શાલિનીમંદ્રા)

દેહે દેહે ઝેર વ્યાપી ગયું છે,
રોમે રોમે શૌર્ય ઘૂમી રહ્યું છે,
ભ્રાતા ભ્રાતા સ્નેહસંબંધ ભૂલે:
શસ્ત્રે શસ્ત્રો, નભ ચમકતાં, આથડી હસ્ત ઝૂલે! ૬

(મંદાધરા)

કૂદી કૂદી, ઉછળી ઉછળી, સિંહશું રંગ રાખે,
રાતા તાતા ઉભય કુંવરો યુદ્ધનૈપુણ્ય દાખે;
ઊભા ઊભા અવર જન સૌ ધ્રૂજતા મીટ માંડે;
વૃક્ષો ધ્રૂજે ઊભેલાં, અનિલ ઘુઘવતો ઘોર ત્યાં ઘોષ પાડે. ૭

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



ઊંચા વ્યોમે નહિ નહિ કદી યુદ્ધ કો જોયું એવું,
ઘેરૂ ઘેરૂ નહિજ અનિલે ગીત કો ગાયું તેવું;
પાષાણોમાં, વન વન વિશે, ઘોષ એવા ન ઘૂમ્યા,
આજે મેવાડના શા ઉભય વીર લડે, અંધ ક્રોધે ઝઝૂમ્યા! ૮

(અનુષ્ટુપ્)

મેવાડ રત્ન શું ખોશે, સ્નેહસંત્રોજ શેં સર્યા?
સૂર્ય ને ચંદ્રના જેવા રાજપુત્રો પ્રભાભર્યા! ૯

ક્રોધ છે સ્નેહનો વૈરી, અગ્નિમાં બધું બાળતો:
નરકસાર્થી એ ક્રોધ પ્રજળે ને પ્રજાળતો. ૧૦

(દ્રુતવિલંબિત)

નર્થી નથી હઠતા કુંવરો જરા,
ઉભય યુદ્ધકલામહિં છે પૂરા;
કુલપુરોહિત આવી જુએ તહિં,
સકળ નાશ થતું દિસતું જહિં. ૧૧

સ્થિતિ વિચિત્ર જણાય વિલોકતાં,
યુગલ તે અટકે નહિં રોકતાં;
ઉભયને અતિ તીવ્રજ આર્જવે
શમન કાજ પુરોહિત વિનવે. ૧૨

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



સફળ યત્ન જરાય જણાય ના,
વિકૃત બુદ્ધિથી કાંઈ સુણાય ના:
કુલપુરોહિત દીન વિમાસતો,
હૃદય ના સમજે વિધિપાશ તો. ૧૩

ઉભય બંધુવિરોધથકી આ સમે
જીવન નિશ્ચય એકનું આથમે;
ઉભય વા કદિ નાશજ પામશે:
અરર! આ ભૂમિનું પછી શું થશે! ૧૪

( અનુષ્ટુપ્ )

તપતું ત્યાં મહાતાપે દિસે છે વન આ વધુ;
લાગે છે ઘૂમતું હૈયું, વન ને વિશ્વ તો બધું! ૧૫

( મંદાક્રાન્તા )

રાતા તાતા ઉભય કુંવરો યુદ્ધથી નાજ ખાંચે,
ઊભા ઊભા અવર જન સૌ ધ્રૂજતા શાંતિ જાચે:
એવે આવી યુગલ વચમાં તે પુરોહિત ઊભે,
ભોંકીને તે કટારી ઝટ નિજ ઉરમાં ત્યાં પડી રક્ત ડૂબે! ૧૬

( અનુષ્ટુપ્ )

લડતા કુંવરો મધ્યે વિપ્રનો દેહ તર્ફડે:
ભૂલીને યુદ્ધ પોતાનું શુશ્રૂષા કરવા પડે! ૧૭

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



પ્રાણશૂન્ય પડયો દેહ વિપ્રનો પળમાં તહિં :
શુશ્રૂષા ત્યાં કરે કોની ? અરેરે ! સમજ્યા નહીં ! ૧૮

(મંદાક્રાંતા)

રે કેવી આ ઉર જગવતી ભૈરવી રાજભક્તિ !
આહા કેવી પ્રબળ સ્ફુરતી એ મહા પ્રાણશક્તિ !
કેવો ઊંડો, અડગ, વિરલો, ભવ્ય આ દેશપ્રેમ !
એ આત્મા, એ ગહન પ્રતિમા, લેશ ભૂલાય કેમ ? ૧૯

છે મેવાડે રુધિર વિરલું ભૂમિમાં વીરકેરું,
પાષાણોમાં, કુહર કુહરે, ઊછળે તે અનેરું:,
રાજસ્નેહે રુધિર નિજ દે, હા પુરોહિત સૂએ !
ઊંડા તેના હૃદયપડઘા ત્યાં ઘૂમે છે હજૂયે ! ૨૦

(અનુષ્ટુપ્)

શોકાશ્ચર્યે ઊભા બન્ને વીર શુક્ત પ્રતાપ ત્યાં,
ઢળતા ભાનુના રશ્મિ ભૂલાવે ઉરતાપ ત્યાં. ૨૧

થતાં પ્રતાપની સંજ્ઞા, શુક્ત તે ભૂમિ ત્યાગતો :
પ્રતાપ પ્રાણનિદ્રાથી પ્રતિજ્ઞામય જાગતો. ૨૨

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



( દ્રુતવિલંબિત )

ગહન શાંતિ વને પ્રસરી રહે,
ગગન રક્ત પ્રભા ક્ષિતિજે ગ્રહે:
ક્વચિત કોઇક અશ્વ ખુંખારતો,
વન અગાધ પ્રતિધ્વનિ ધારતો. ૨૩

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# વીરાંગના કર્મદેવી

( છંદ હરિગીત )

૧

અંગના !
વીરાંગના !
કર્મદેવી વીરાંગના !
શ્રીધર્મદેવી વીરાંગના !
લાવણ્યમયી રમણી બની શું આજ માણી વીરાંગના ?
ક્યાં કુમુદની
કોમળ બની,
ક્યાં થુવર તે કાંટાભર્યો ?
આ રંગ શો ન્યારો ધર્યો,
ઓ રજપૂતાણી વીરાંગના !
ચંદા તપે રવિશું અરે, વીરાંગના ?
ઉકળે અમીસરિતા ખરે, વીરાંગના ?
ક્યાં ચાલી ઓ વીરાંગના ! કર ઝાલી આ તરવારને ?
શું રસિક લક્ષના યુદ્ધ ઝૂઝે કાજ દેશોદ્ધારને ?

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૨

અંગના !
વીરાંગના !
કર્મદેવી વીરાંગના !
રિપુકાલ જેવી વીરાંગના !
મધુરી, રસીલી, શાંત કાંતા આજ એવી વીરાંગના ?
રંગમ્હેલ સુખાસને
યુવતી રસમાં ખેલતી,
તજી સર્વ વિલાસને
તે યુદ્ધક્ષેત્રે રેલતી
આ ચાલી કેવી વીરાંગના ?
ક્યાં કંકણો આભૂષણો, વીરાંગના ?
ક્યાં સાજ આ યોદ્ધાતણો, વીરાંગના ?
તે ગાન મધુરૂં આજ આ બદલાય શું વીરહાકમાં ?
વીરાંગના ! તુજ હૃદય ગુંજે રિપુદમનના રાગમાં ?

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૩

અંગના !
વીરાંગના !
કર્મદેવી વીરાંગના !
દૃઢ દુર્ગ જેવી વીરાંગના !
શૌર્યસંજીવિની, ઉગ્ર, પ્રભાવિશાળ વીરાંગના !
ઉન્મત્ત સરિત ધસી
જળ પૂર્ણવેગ ઘૂમાવતી,
નિજ બળ પ્રચંડ કસી
સાગર ગગન ઉછળાવતી :
એવી કરાળ વીરાંગના !
મેવાડ શું પરતંત્ર થાય, વીરાંગના ?
શું વીરભૂમિકળી છુંદાય, વીરાંગના ?
શું યવનકિંકર કુતુબુદ્દિન જયધ્વજા ઊડાવશે,
જ્યાં સમરસિંહતણી શૂરી સિંહણ સમર ધૂજાવશે ?

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૪

અંગના !
વીરાંગના !
કર્મદેવી વીરાંગના !
ઓ વિરલપ્રતિમા વીર્યગંગ વીરાંગના !
રણમાં ચઢ્યો,
શૂરો પડ્યો
પૃથુ સાથ પતિ મેવાડનો ;
પુણ્ય ભૂમિ
ધૂળ ચૂમી
ખમે કંઈ કંઈ તાડનો,
ત્યાં શો નવલ ઉત્સાહનો
તું ભરે રંગ વીરાંગના !—
શું દેશનો સૌભાગ્યભાનુ ડૂબી જશે ?
વીરાંગના ! શું અંધજાળ ઊભી થશે ?—
ના રજપૂતાણી નહિ ડરે !
શો ઓટનો તે નીરવ સાગર ઉછળતો ઉલટે અરે !
વીરાંગના ! આંબેરમાં તુજ કીર્ત્તિકેતુજ ફરફરે !

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૫

અંગના !
વીરાંગના !
કર્મદેવી વીરાંગના !
શુચિધર્મદેવી વીરાંગના !
મહાશક્તિપ્રકાશિની વીરાંગના !
દેશપ્રેમવિલાસિની વીરાંગના !
બળવંત રિપુ રગદોળનારી મહાભાવ વીરાંગના !
રણમાં જઈ
વિજયિની થઈ,
તેરમી સદી ઊજળી :
સૌભાગ્યરવિ ત્યાં નીકળી
લે હાસ્યલ્હાવ વીરાંગના !
સાગર ભલે ભૂમિને ગળે વીરાંગના !
તુજ કીર્ત્તિ અક્ષય ના ચળે વીરાંગના !
અમ ભૂતશૌર્ય તુંમાં મળે વીરાંગના !
રે તુજ પરાક્રમની ગીતા ઘરઘર ગવાશે ભારતે !
વીરાંગના ! તુજ પ્રાણમંત્રજ ઘૂમશે ભર ક્યાર તે ?

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# વીરબાળક બાદલ

(પુનરાવળી છંદ)*

૧

અલાઉદ્દિન ખિલજી જવ આવ્યો,
ચિતોડને જીતવા દળ લાવ્યો,
વીર્યપ્રતાપ અખંડ બતાવ્યો
 એવો કોણ હતો નરવીર?
કોની આજ કથા તે કરીએ,
કોનાં ગાનથકી ઉર ભરીએ,
કોની પ્રતિમા નજરે ધરીએ,
 કોણ હતો એવો રણધીર?

---

*આ છંદ નવો રચ્યો છે.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



બાર વસંત ન દીઠી પૂરી,
બાદલવીર ! બાદલવીર !
કોમળ જેની કાંતિ મધુરી,
બાદલવીર ! બાદલવીર !
બાર વસંત ન દીઠી પૂરી,
કોમળ જેની કાંતિ મધુરી,
અદ્‌ભુત તે શી પ્રતિમા શૂરી
રણ શોભાવે બાદલવીર !

૨

ચિતોડના બાળકનૃપ પક્ષે,
ભીમસિંહ બંધુસુત રક્ષે,
તેની લલિતા રંભા લક્ષે
યવનેશ્વર મોહી થઇ પૂર ;—
અલાઉદ્દિન ઘેરો લઇ આવ્યો,
નહિ નિજ આશ વિશે કંઇ ફાવ્યો ;
છળકપટે ભીમસિંહ બંધાવ્યો :
રમણી દે તો છૂટે શૂર !

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



શું રજપૂતાણી યશ ખોશે?
    બાદલવીર! બાદલવીર!
શું વીર ભ્રષ્ટ કુસુમ એ જોશે?
    બાદલવીર! બાદલવીર!
શું રજપૂતાણી યશ ખોશે?
શું વીર ભ્રષ્ટ કુસુમ એ જોશે?
ના, ના, શૂર પડ્યા ના રોશે!
    હાક પડાવે બાદલવીર!

૩

અલાઉદ્દિન ગર્વે નિજ ડૂલે,
એવે કંઈ સુણતાં ઉર ફૂલે,
ચિતોડની પદ્મિની ત્યાં ઝૂલે
    દ્વારે નિજ દાસીઓ સાથ:
ડોળીઓ શતસપ્ત પધારી
યવનમુકામ સમીપ ઉતારી,
રમણી સાટે રણવીર ભારી
    નીકળ્યા અસિ ફેરવતા હાથ!

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



ગોરા કાકાશું ત્યાં ઘૂમે,
બાદલવીર! બાદલવીર!
થઈ રજપૂત સરદાર ઝઝૂમે,
બાદલવીર! બાદલવીર!
ગોરા કાકાશું ત્યાં ઘૂમે,
થઈ રજપૂત સરદાર ઝઝૂમે,
રિપુદળ ધૂળ પળેપળ ચૂમે :
રણ ધૂજાવે બાદલવીર!

૪

હથિયારે વીજળીઓ ચમકે,
રણગગડાટે ધરણી ધમકે,
વીર બાળક અશ્વે ત્યાં ઠમકે,
ન ગણે ઘા નિજ સૌમ્ય શરીર!
ગોરો ભૂમિ પડ્યે ના ખાંચ્યો,
ભીમસિંહ મુક્ત કરીને રાચ્યો,
બળવંતા અરિને શિર નાચ્યો :
વિજયી આવ્યો બાદલવીર!

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



માતાએ ચુંબ્યો લઇ ખોળે,
**બાદલવીર ! બાદલવીર !**
દુનિયા ચક્ષુ વીરત્વે ચોળે !
**બાદલવીર ! બાદલવીર !**
માતાએ ચુંબ્યો લઇ ખોળે,
દુનિયા ચક્ષુ વીરત્વે ચોળે !
**ભારત** ગર્વે હૃદય હિંચોળે :
ફરી ક્યાં લાવે **બાદલવીર** ?

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# મહાત્મા ગાંધીને ચરણે

(એમની પચાસમી વર્ષગાંઠને શુભ દિને: રવિવાર તા. ૨૧-૯-૧૯૧૯.)

(છંદ હરિગીત)

૧

ગાંધર્વ આવો ગગનના !
સૂર તમ સુરસદનના
સ્નેહે ભર્યા,
સત્યે ઠર્યા,
દ્યો આજ મોંઘા કવનના !
આવો, ગવૈયા સ્વર્ગના સુરસાજમાં,
આવો અમારા સત્યસ્નેહસમાજમાં !
ખગ સર્વ મધુકંઠી મળો !
મધુર લહરીઓ ભળો !
પાછા ફરો પડછંદ સામ અવાજમાં !
સંગીતદેવી ! કાવ્યદેવી ! સર્વ આજે આવજો !
અહિં અમર મોહનગાન સહુ સાથે મળી ગવડાવજો !

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૨

મોંઘો અમૂલ્ય પ્રસંગ આ,
છે અતુલ્ય ઉમંગ આ;
પ્રિય હૃદયના
સુરવિજયના
મોંઘા અમારા રંગ આ:
એ રંગમાં કયમ એકલા અહિં મ્હાલીએ?
આ લોક ને પરલોક સાથ ઉજાળીએ:
શિર જેનું અડતું સ્વર્ગને
ધારતું રવિમર્ગને,
ના ભૂલતું તે આ ધરા પણ ભાળીએ:
એ આત્મનો ઉત્સવ ઉજવવા, સુરજનો! પૃથ્વીજનો!
આવો બધા, અહિં ગાંઠીએ નવપ્રેમગાંઠ પતીજનો!

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૩

એ ગાંઠનારો કો હશે,
જગ બધી જે મોહશે
સદ્‌વચનથી,
સન્મથનથી
જે આંસુ જનનાં લોહશે?
જેને જડીબુટ્ટી મળી કલ્યાણની,
જેણે ધરી પૂરી મહત્તા પ્રાણની,
વનવન વિશે જે આથડ્યો,
અસુર શું નિર્ભય લડ્યો,
સત્યેજ જડતો વાત જે નિર્માણની:
માનવહૃદયના રોગને ઝટ પારખી દે સાર તે,
એવાં વસાણાં રાખનારો ગાંધી એકજ ભારતે!

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૪

ક્યાં શુદ્ધિ જોઈ ધર્મની,
મન, વચન ને કર્મની ?
ભારત ! ખરે
જુગજુગ ધરે
મોટાઈ એ તુજ મર્મની !
રાખ્યું હરિશ્ચંદ્રે અમોલું સત્ય જે,
ટેકી અડગ પ્રહ્‌લાદ કેરૂં કૃત્ય જે,
ભારતતણા ઇતિહાસમાં
છે રહ્યું ચિરવાસમાં,
એ સત્યની જુગજુગ બતાવી ગત્ય જે :
તે ના રહે ઢંકાઈ અહિં અજ્ઞાન કેરી આંધીએ ;
કળિજુગ વિશે એ સત્ય તો રાખ્યું મહાત્મા ગાંધીએ !

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૫

વ્યાપ્યો અધર્મ બધે ઘણો
કારમો માયાતણો ;
આ દેશમાં
મન ક્લેશમાં
ચાલ્યાં વિનાશી ઘર્ષણો :
દીસે હરાયાં તીર્થ કેરાં તેજ હા,
ના આજ ગંગાસ્નાન તારે સ્હેજ હા,
ના પેટભર ભોજન મળે,
બાળ ભૂખ્યાં ટળવળે,
છે મેઘ સૂકાયા બધે ગગનેજ હા !
એ સત્ય ખૂટ્યું ત્યાં બધે ખૂટેજ સુખનાં સાધનો,
એ સત્યને સ્થાપે ફરી આ વીરલો ગુજરાતનો !

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૬

એ વીર આજ વધાવીએ,
સ્નેહ પુષ્પો લાવીએ;
નવજીવને
નવકિરણે
એ સત્ય આત્મ સમાવીએ.
જેણે ન જાણી કોઈ દિન પણ ક્રૂરતા;
જેની અખંડ જણાય યૌવનશૂરતા;
જેના મહાસંયમથકી,
ધર્મમય ઉદ્યમથકી,
નિજ શત્રુને પણ સ્નેહપિંજર પૂરતા;
જે કર સર્યા મણકા વિરલ એ ભવ્ય જીવનમાળના,
તે અમ શિરે તપજો સદા! ન પ્રહાર લાગો કાળના!

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૭

મોહન ! અમારા વીર એ !
સાધુ, દાના, પીર એ !
સુકુમારતા
ઉર ધારતા
અલમસ્ત મીર ફકીર એ !
મોહન ! તમારી પ્રાણમોહન બંસરી !
મોહન ! તમારી સત્ત્વદોહન બંસરી !
સહુ મોહને ભૂલાવતી,
રસ અખંડ જમાવતી,
મોહન ! તમારી બ્રહ્મસોહન બંસરી !
વાજો અખંડ પ્રવાહથી, સહુ સ્થિર થઈ સુણીએ અમે :
એ રસ ટપકતા શબ્દ ઝીલી આત્મમાં ધુણીએ અમે !

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૮

વીરા! લળે ઉર કેમ ના,
આ મહોત્સવ હેમના
ભારત વિશે
થળથળ દિસે :
લ્યો નમન આ અમ પ્રેમનાં!
વીરા! તમારૂં તેજ હૃદય જગાડજો!
અમ જીવને તમ સત્યબીજ ઉગાડજો!
અમ કુંજ લીલો થાય આ,
ભારતે રસ છાય આ,
ગંગા ફરી દેવત્વભર વહેવાડજો!
તમ જ્યોતથી અહિં કોડ જળજો જ્યોત સત્ય સમાધિની!
ભારત વિશે ઘરઘર થજો જય જય મહાત્મા ગાંધીની!

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય. અમદાવાદ.

# ઓ ગુજરાત! ઓ ગુજરાત!

(વીરવિજય છંદ)*

જયજય મારા ગુર્જર વીરો !
આવો, રંક ફકીર અમારો ! આજે દિવસ ઉગ્યો રળિયાત;
બોધ પ્રકાશતણા ઝીલીને ઝગમગતી કરવી મ્હોલાત:
ઓ ગુજરાત ! ઓ ગુજરાત ! ૧

આજે લેશો શું તમ સાથે ?
શૌર્ય વસે હૃદયે કે બાથે?—તેજ છતાં બુઠ્ઠી તરવાર;
ફેંકી દ્યો સહુ બુઠ્ઠાં શસ્ત્રો, સજો હૃદયનાં નવહથિયાર !
ઓ ગુજરાત ! ઓ ગુજરાત ! ૨

---

*આ છંદની નવીન રચના વીરરસને અનુકૂળ આવે તેવી રીતે કીધી છે. ચરણાકુળ અને ચોપાઇનાં ચરણો મેળવતાં સવૈયા એક-ત્રીશા થાય છે. આ નવીન છંદનું પહેલું ચરણ ચરણાકુળનું, બીજું અને ત્રીજું ચરણ સવૈયાનું, તથા ચોથું ચરણ ઉધોરનું છે. એવી રીતે એકજ વર્ગના છંદોનો મેળ આ છંદમાં સ્વાભાવિકપણે થયલો છે.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



હોય વિલંબ હવે શો ઠાલો ?
ધપતા ધપતા આગળ ચાલો : અગ્ર રહી ઘુમવું છે આજ ;
ધ્વજા રહી છે આ તમ કરમાં, ને ભારતની અમુલખ લાજ !
એ ગુજરાત ! એ ગુજરાત ! ૩

નથી રુધિર રેલવવાં કોનાં ;
નથી હૃદય ચીરી અરિઓનાં નિજ હૃદયો કરવાં પ્રભુભંગ ;
નથી વિજયના રંગ રુધિરમાં જ્યાં જનરક્ત ભરે ઉરગંગ :
એ ગુજરાત ! એ ગુજરાત ! ૪

પ્રેમ વસે ત્યાં દ્વેષ રહે ક્યાં ?
આકાશે અંધાર વહે ક્યાં, જ્યાં દિનકરનો થાય પ્રકાશ ?
જ્ઞાનદીપ સળગ્યો જ્યાં અંતર ત્યાં અજ્ઞાનતણો છે નાશ ;
એ ગુજરાત ! એ ગુજરાત ! ૫

મરદાની મુજ ગુર્જર વીરા !
કાર્યધુરંધર, શૂર, અધીરા ! મુખ યૌવનનો ગર્વપ્રતાપ ;
અંગ રુધિર ઉછળે નભ અડતાં ; ભરો હરોલે હર્ષ અમાપ !
એ ગુજરાત ! એ ગુજરાત ! ૬

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



ભૂત બધું પાછળ છે મૂક્યું—
આજ ઉરે નવજીવન ફૂંક્યું, દુનિયા બધે નવી દેખાય;
નવઆશે નવહાસ્યે ધસવા આજે પાદ અધીરા થાય;
ઓ ગુજરાત! ઓ ગુજરાત! ૭

મુખી પડ્યા કે હઠ્યા પછાડી?
ધસો ધજા લ્યો હાથ ઉપાડી, ફરકાવ્યા જાઓ ધુનભેર:
ધર્મભાર શૂરોજ વહે એ—એક પડે ત્યાં ઊઠે તેર!
ઓ ગુજરાત! ઓ ગુજરાત! ૮

કોણ વિકટ પથ કહી ડરાવે?—
પર્વતપરથી કૂદી હાવે સાગરને બાંધીશું બાથ;
જંગલ તોડી મંગલ કરશું, બતાવશું બળવંતા હાથ!
ઓ ગુજરાત! ઓ ગુજરાત! ૯

આપણ ગુણગરવા ગુજરાતી!
કૃષ્ણધરા અદ્‌ભુત મદમાતી, ભારતયુદ્ધ જિતે ભડવીર;
સાહસ, શૌર્ય, અડગ શ્રમથી જે થળથળમાં ગાજે રણધીર:
ઓ ગુજરાત! ઓ ગુજરાત! ૧૦

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



આવો નવરસના રઢિયાળા!
ગિરિગહ્વરમાં ભરી ઉછાળા કેસરિયાશું રમતા બાળ!
વાઘમૂછ પકડીને ફરતા કાઠી ઘોડીના રખવાળ!
ઓ ગુજરાત! ઓ ગુજરાત! ૧૧

તીર્થે તીર્થે શુચિતા સ્થાપી:
ગરવી સાભ્રમતી ને તાપી, ભરે નર્મદા નવનવ નૂર;
ગુણી ગોમતી, સરસ્વતી ને દમણગંગાનું જળ શૂર!
ઓ ગુજરાત! ઓ ગુજરાત! ૧૨

છે અદ્‌ભુતતા એ કંઈ જૂદી!
પશ્ચિમસાગરનાં જળ કૂદી ઉછળી ગગન કસે નિજ જોમ;
વિંધ્ય અને ગિરનાર દિશા બે ઊભી ઝીલે પડતું વ્યોમ!
ઓ ગુજરાત! ઓ ગુજરાત! ૧૩

એવાં ઓ ગુર્જર સંતાનો!
હિંદુ, પારસી, મૂસલમાનો, ખ્રિસ્તિ, બૌધ કે જૈન ચહેલ!
ભુજશું ભુજ ભીડીને આવો: એકજ પ્રેમતણી છો વેલ!
ઓ ગુજરાત! ઓ ગુજરાત! ૧૪

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



અહો અડગ બાંધવ ટેકીલા!
દ્વેષ વિશે બનવું નવ વ્હીલા; દ્વેષ કદી નવ આપે જીત;
અંતરરિપુનો કરો પરાજય પ્રથમ અખંડ ધરી ઉર પ્રીત!
ઓ ગુજરાત! ઓ ગુજરાત! ૧૫

દ્વેષે શું રહેશો અથડાયા?
હજાર વર્ષતણી જડમાયા પડી હૃદયમાં છે પથરાઈ,
ઉકેલતાં પરદોષ ઉરે તો નિજ અંધાર વધે ધુંધવાઈ;
ઓ ગુજરાત! ઓ ગુજરાત! ૧૬

લોચનના પરદા દ્યો ખોલી!
ભૂત બધાં ઉર ખાતાં ફોલી તેને પ્રથમ કરો બળહીન;
સ્વાત્મબળે, ઓ ગુર્જર વીરા! થવું આપણે છે સ્વાધીન!
ઓ ગુજરાત! ઓ ગુજરાત! ૧૭

રહેવું શુદ્ધ વચન મન કર્મે:
સાર એજ દીઠો સહુ ધર્મે, તો કયમ થઈએ પતિત નિદાન?
પ્રેમ તહિં ધિક્કાર રહે નહિ: ધિક્કારે નહિ પ્રભુનું સ્થાન.
ઓ ગુજરાત! ઓ ગુજરાત! ૧૮

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



એવા શુદ્ધ બનીને આવો !
પછી અડગ તમ પગ ઊઠાવો, હજાર હાથીનું ત્યાં જોર ;
જય કુંકુમનાં પડશે પગલાં ડગલે ડગલે ઠોરે ઠોર :
એ ગુજરાત ! એ ગુજરાત ! ૧૯

એ આ થાય બધે અજવાળાં !
ઉઘડ્યાં પુણ્યપ્રભાત રસાળાં ! ઉઘડ્યાં ભાગ્ય ભલેરાં દેશ !
રણશિંગાં ફૂંકાય ફરી આ : કર્મવીર ! હઠશો નવ લેશ !
એ ગુજરાત ! એ ગુજરાત ! ૨૦

સ્વપ્ન ફળે જુગજૂનાં સાચે :
દેવ ફિરસ્તા ઉતરી રાચે, પયગમ્બર ને પીર અનેક ;
સગાઇ સ્વર્ગતણી ભૂલેલી દૃઢ બંધાશે ફરી વિશેક !
એ ગુજરાત ! એ ગુજરાત ! ૨૧

કુંકુમથાળ અનેરી લાવો !
પત્નીઓ, પુત્રીઓ, આવો ! માતાઓ, ભગિનીઓ સર્વ !
અમ પડખે ઊભીને રાખો ગરવી ગુજરાતણનો ગર્વ !
એ ગુજરાત ! એ ગુજરાત ! ૨૨

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



જય જય મારા ગુર્જર વીરા!
આજ અધીરા ઉરના ચીરા જીવનને જાણે નહિ જોખ;
મરવું તો શૂરાને ગરવું: કાયર ખોળે ઘરના ગોખ:
એ ગુજરાત! એ ગુજરાત! ૨૩

શ્વેત ધજા ભારતમાં રોપો!
થાશે પુષ્પ વરસતી તોપો, શસ્ત્રો સહુ શણગાર સ્વરૂપ;
જગબંધુત્વ ભણી તમ દ્વારે દુનિયા થશે નવીન અનૂપ!
એ ગુજરાત! એ ગુજરાત! ૨૪

ધન્ય ધન્ય મોહનની લીલા!
પુણ્યભર્યાં પ્રભુપાદ રસીલા ઘરઘર ભરે નવીન પ્રભાત:
સત્વર વીરા! પડો મોખરે, ગજવો જય જય ભારતમાત!
એ ગુજરાત! એ ગુજરાત! ૨૫

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# ગુજરાતનો યજ્ઞકુંડ

( ૫૬ )*

દુઃખમાં શૂરા રે, ઓ ગુજરાતી વીરા!
આવો, પૂરા રે ખમવા દુઃખના ચીરા!—(ધ્રુવ)

કડકડ કૂટે કોટ કડાકા, પર્વત ફૂંકે ફાટે;
ઝગઝગ જ્વાળા વ્યોમ જળાવે: ઊભા રહો દૃઢ વાટે!
દુઃખમાં શૂરા રે! ૧

નથી પડવું યાહોમ કરીને આજે અંધશૂરાનું;
નથી અબળને દમવું: આ છે જડચેતનનું લ્હાણું!
દુઃખમાં શૂરા રે! ૨

સત્યજ પ્રભુના પ્રાણ અમારા, સત્યજ અંગ અમારાં;
સત્યજ રક્ત વહે અમ નસમાં, સત્યજ વ્રત અમ ન્યારાં:
દુઃખમાં શૂરા રે! ૩

* "ભારતી ભૈયા રે! શંખ સુણ્યો ન હજી શું?"—એ ચ.લ.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



માયા સૌ ઘર બાર તણી ને સુખની ડોળી દફ્નની;
આત્મશૌર્યનાં શ્વેત સજ્યાં પટ, ના કાયરની કફ્ની:
દુઃખમાં શૂરા રે! ૪

પાય પડ્યા, વિનવ્યા કંઈ કંઈ, શું હૃદયહીણને રટવું?
હવે પડ્યા રગડાવા રણ ત્યાં ના હઠવું, ના હઠવું!
દુઃખમાં શૂરા રે! ૫

ભારતદુઃખ શિરે અમ લેતાં, હૈયાં કેમ ન ફૂલે?
ઓ ભારત! નિધિ પાર ઉતરજો અમ શબઢગને પૂલે!
દુઃખમાં શૂરા રે! ૬

ઘાટે ઘાટે છાતી ફાટે થાય સ્મશાની દુનિયા;
નવલખ આંખે વ્યોમ રુવે પણ પાછું જુએ ન મરણિયા!
દુઃખમાં શૂરા રે! ૭

એજ અલખની ધૂન અમારી, મૂગે મુખ દુઃખ સ્હેવું:
બેડીની જડ જડતાં અરિ પણ આખર રોશે એવું:
દુઃખમાં શૂરા રે! ૮

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



કીર્ત્તિ અમોલી ભારત કેરી આજ અમારે હાથે :
ઓ વીરા ! જગને ઝૂલવવી આ ગરવી ગુજરાતે !
દુઃખમાં શૂરા રે ! ૯

ધર્મક્ષેત્ર એ, કર્મક્ષેત્ર એ, એ રણક્ષેત્ર અનેરૂં !
જયજય કોને ભાગ્ય અટલ એ પુણ્યજ ભારત કેરૂં ?
દુઃખમાં શૂરા રે, ઓ ગુજરાતી વીરા !
ગાજો પૂરા રે સત્ય પ્રેમરસધીરા ! ૧૦

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



## દેવીનાં નવચેતન

( ગરબી–સોરઠ )*

દેવી ! દીસે શાં નવચેતન તારી આંખમાં રે !
તારી આંખમાં રે,
પાછું ઝાંખ માં રે !
દેવી ! દીસે૦ (ધ્રુવ)

મોહનની નવબંસી બોલે,
જુગજુગનાં પડળો કંઈ ખોલે;
અંતર ઝેલે ચઢતાં નવઅભિલાખમાં રે:
પાછું ઝાંખ માં રે !
દેવી ! દીસે૦ ૧

* "કામણ દીસે છે અલબેલા તારી આંખમાં રે," — એ ચાલ.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



ભૃગુટીનાં તપચાપ ચઢાવે,
નયન નયન શર શૂર ઉડાવે;
જ્યોતિ અનેરી લાવે જગની સાખમાં રે:
પાછું ઝાંખ માં રે!

દેવી! દીસે૦ ૨

ઉરસંયમનાં અંજન કીધાં,
સત્ય સનાતન વ્રત મન લીધાં;
મૃત્યુતણાં અમી પીધાં લોટી ખાખમાં રે!
પાછું ઝાંખ માં રે!

દેવી! દીસે૦ ૩

સ્વાત્મબળે રચવી જગ ન્યારી,
નવચેતનની ઓર ખુમારી!
ઉરના લાખ ઉમળકા વારી રાખ માં રે!
પાછું ઝાંખ માં રે!

દેવી! દીસે૦ ૪

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



પ્રગટ નિડર સદ્‌ધર્મ પ્રસરવા,
એકકુટુંબી વસુધા કરવા,
ગરવા ગુણ ઉદ્ધરવા રાજા રાંકમાં રે!
પાછું ઝાંખ માં રે!
દેવી! દીસે૦ ૫

દેવી! એ નવગૌરવ કાજે
હસતાં વહાણાં દ્વાર વિરાજે:
ધસીએ આજે ત્રીસ ક્રોડ તુજ પાંખમાં રે!
પાછું ઝાંખ માં રે!
દેવી! દીસે૦ ૬

નવજુગમાં નવમોહન બોલે,
રુદ્ર ત્રીજું લોચન કંઈ ખોલે:
ઓ દેવી! ડોલે બ્રહ્માંડ જરાકમાં રે!
પાછું ઝાંખ માં રે!
દેવી! ઉભરે શાં નવચેતન તારી આંખમાં રે! ૭

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# ખાંડાની ધારે

(પુનરાવળી છંદ)*

૧

ભર આકાશે વાદળ છાયાં,
અંધારે વનવન ગુંચવાયાં,
ઘૂડ ચિબડિયાં જ્યાં ત્યાં ધાયાં :
કોણ પુરે પાંચાલી-ચીર ?
આશા-નિરાશે આત્મન-હાંડી
ડોલંતી દે ધૈર્ય ન છાંડી,
ડગમગતી જગ ર્‌હે દગ માંડી :
વ્હારે કોણ જશે નરવીર ?

ઊંડાં અજવાળાં જો આવે;
ગુર્જરવીર ! ગુર્જરવીર !
ઘૂડ ચિબડિયાં શું ત્યાં ફાવે ?
ગુર્જરવીર ! ગુર્જરવીર !
ઊંડાં અજવાળાં જો આવે;
ઘૂડ ચિબડિયાં શું ત્યાં ફાવે ?
નવરસભર નવજીવન લાવે,
ચીર પુરાવે ગુર્જરવીર !

---

* આ છંદ નવો રચ્યો છે.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૨

ખૂણે ખૂણે ખોજ કરીને,
ઉર ઉત્સાહ ઉમંગ ભરીને,
મરતા પ્રાણે આશ ધરીને
    કોણે ઊંચાં કીધાં શીર ?
મસ્તતણી તોડી મસ્તાની,
તનધનની કીધી કુરબાની:
નમ્ર, નિડર, સ્વાધીન, સ્વમાની,
    સત્ય જ એ ગુર્જર નરવીર !

શું ખાલી ગરજીને સૂતા ?
    ગુર્જરવીર ! ગુર્જરવીર !
શું મેઘે જળધોધ ન હૂતા ?
    ગુર્જરવીર ! ગુર્જરવીર !
શું ખાલી ગરજીને સૂતા ?
શું મેઘે જળધોધ ન હૂતા ?
શું ભય ભાળી ઉર બીરૂતા
    કદી જણાવે ગુર્જરવીર ?

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૩

પગલે પગલે કંટક ભાગ્યા,
ચરણ રુધિર ઝરતા ભર લાગ્યા,
પથરે પથરે પ્રાણજ જાગ્યા,
પદસ્પર્શે તૂટી જંજીર :
હૈયાંનાં પિંજર સળગાવ્યાં,
ભૂતતણાં ભરણાં મૂકાવ્યાં,
દ્વાર નવાં દસદિશ ઉઘડાવ્યાં,
વંદન હો તેને નરવીર !

શું એકલડા આજ પડ્યા છે ?
ગુર્જરવીર ! ગુર્જરવીર !
એકલડા પણ શૂર ઘડ્યા છે :
ગુર્જરવીર ! ગુર્જરવીર !
શું એકલડા આજ પડ્યા છે ?
એકલડા પણ શૂર ઘડ્યા છે :
ખાંડાની ધારેજ ચઢ્યા છે,
બિરદ બતાવે ગુર્જરવીર !

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૪

ઓ વીરા ! સારથિ શું કરશે ?
ધર્મમર્મ ગીતા ઉચ્ચરશે :
અર્જુન રણ ટંકારે ભરશે
તોજ વિજય પામે રણધીર :
છિન્નભિન્ન અરિદળબળ પળશે,
જુગજુગનાં અંધારાં ટળશે,
સત્ય ધજા ઉડતી ઝળહળશે,
સ્નેહે જગ છાશે નરવીર !

એ નવજીવન જીવવા આવો,
ગુર્જરવીર ! ગુર્જરવીર !
એ નવચેતન આત્મ જગાવો,
ગુર્જરવીર ! ગુર્જરવીર !
એ નવજીવન જીવવા આવો,
એ નવચેતન આત્મ જગાવો,
ગુર્જર શૌર્ય જગે અંકાવો
જયજય હાવે ગુર્જરવીર !

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# દેવીનું ખપ્પર

(લાવણી)

ભર ભર મારૂં ખપ્પર, ભૈયા! ઓ ભારતના વાસી!
ઘરઘર ભીખું હરનિશ ફરતી, હું જુગજુગની પ્યાસી:
ખપ્પર ભરો ભરો હો!—(ધ્રુવ)

ક્ષણ ક્ષણ ગણતાં મન શોષાયું, શોષાયું તન ત્રાસી;
બાર બાર સૈકાથી ભટકું અરે અરે ઉપવાસી:
ખપ્પર ભરો ભરો હો! ૧

અંજલિ નાખે, ખોબો નાખે, નાખે કો ભર પ્યાલી:
જુગસૂકું તળિયું દે શોષી, ખપ્પર તો રહે ખાલી.
ખપ્પર ભરો ભરો હો! ૨

ઓ ભૈયા! જુગના જુગ વીત્યા, હવે નહીં એ ચાલે:
નદ ઉલટાવો, સિંધુ ભરાવો—છલ છલ ભરો ઉછાળે!
ખપ્પર ભરો ભરો હો! ૩

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



ગાજવીજ ને મૂશળધારે રેલ રેલ જગ છાતી:
એક ઝાપટે નવ ચોમાસું: વીર! તૃષા ન છિંપાતી;
ખપ્પર ભરો ભરો હો! ૪

જ્યોતિ જ્યોતિ ઘરઘર જો સળગ્યો, રોતી રોતી શું માગું?
શિર કાપી ખપ્પરમાં નાખો, કરો કાળજું આઘું!
ખપ્પર ભરો ભરો હો! ૫

એક કેસરીની ત્રાડે તો ભરી દિસે વનવસ્તી;
એક વીરરસની મસ્તીમાં કરુણતણી ક્યાં હસ્તી?
ખપ્પર ભરો ભરો હો! ૬

અધઉઘડ્યાં છે દ્વાર પ્રભાનાં: ઓ ભૈયા! ઝટ આવો!
ખપ્પર મારૂં ભરો વીરત્વે! પૂર્ણ પ્રભા રેલાવો!
ખપ્પર ભરો ભરો હો! ૭

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



## રણહાક

(ગીત)*

તનમનધન તમ અર્પણ કરવા ગુર્જરજન સહુ ચાલો !—

થનગનતા આંગણ હણહણતા હય મારે ખુંખારા:
ભય હણતી રણહાક પડે ને માત કરે હોંકારા :
દિશદિશ ડગમગ ડોલે,
ભાવિ અનેરૂં ખોલે;
અવસર વર કર ઝાલો,
અણગણ તારકગણ સમ ગરવા ગુર્જરજન સહુ ચાલો !
જયો જી ! જયો જી ! જયો જી !
જયો જયો જયો જયો જી ! ૧

*કવિવર રવીંદ્રનાથ ઠાકુરના "જનગણ મન અધિનાયક જય હે ભારતભાગ્ય વિધાતા" એ રાષ્ટ્રગીતની ચાલ.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



ગગનથકી અંગાર ઝરે ને અગન અગન દિલ બળતી,
પરમ વીરના પ્રાણતણી ત્યાં જ્યોતિ અધિક ઝગહળતી :
ભર રણને અજવાળે,
અરિજન સર્વ પ્રજાળે;
જીવથકી જશ વહાલો—
નરતનનું ઉરધન ઉદ્ધરવા ગુર્જરજન સહુ ચાલો!—
જયો જી! જયો જી! જયો જી!
જયો જયો જયો જયો જી! ૨

અમર પિતરનાં સાહસ સ્મરતા સમર ગજાવે શૂરા;
હિંદુ, પારસી, ખ્રિસ્તિ, મુસલમિન, પ્રૌઢ પ્રતાપી પૂરા :
આપણ સહુ ગુજરાતી,
ગજગજ ખીલે છાતી,
મારો આભ ઉછાળો :
ગર્જનથી ઘન સમ રણ ભરવા ગુર્જરજન સહુ ચાલો!
જયો જી! જયો જી! જયો જી!
જયો જયો જયો જયો જી! ૩

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



તગતગતી અસિધારે હો કે ધગધગતા અંગારા,
આજ વતનની લાજ જતનથી રાખે રાખણહારા :
નહિ તો અહિં શું રહેશે?
રે પ્રભુ તો શું કહેશે?—
નહિ, નહિ, ભય શો ઠાલો;
રણ રણ તમ જયધ્વજ ફરફરવા ગુર્જરજન સહુ ચાલો!
જયો જી! જયો જી! જયો જી!
જયો જયો જયો જયો જી! ૪

મૃત તનનું અમૃત શૂરાતન કોણ રગેરગ ભરશે?
કોણ વિજયની કીર્ત્તિ સાથે અદલબદલ શિર કરશે?
જો ભારત જીવે તો
કોણ મરે શિર દેતો?
ધન્ય બની જગ મ્હાલો ;
તનમનધન તમ અર્પણ કરવા ગુર્જરજન સહુ ચાલો!
જયો જી! જયો જી! જયો જી!
જયો જયો જયો જયો જી! ૫

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



## માનવહૃદય

(છંદ હરિગીત)

કંઈ કળા કિરતારની
જોઈ મેં આ સૃષ્ટિમાં,
પૃથ્વી પેલે પારની
પણ કલ્પનાની દૃષ્ટિમાં. ૧

રંગ દીઠા નવનવા
ભવ્યતા, સૌંદર્યના;
ને ડૂબ્યો દિલ ઠારવા
એ સાગરે આશ્ચર્યના. ૨

પારદર્શક જાળી આ
ગૂંથી જે અંધારની,
ને જગતશિર વાળી આ
મૂકી મહાવિસ્તારની; ૩

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



સૂર્ય ને ચંદ્રાતણાં
તેજરત્નો ત્યાં સરે,
તારલા કંઇ અણગણ્યા
ઝૂલાઇને ક્રીડા કરે; ૪

ને રહ્યું અર્મોતેજનું
ઝરણુ પેલી પાર જે,
નવનવા બિંદુઅણુ
તેના ઝીલે અંધાર એ: ૫

ગુપ્ત એ રચના ભણું
તેજ ને અંધારની;
હર્ષથી સમજી ગણું
અદ્‌ભુત કળા કિરતારની. ૬

પૃથ્વીમાં રચના વળી
ભવ્ય મેં દીઠી ઘણી;
મૂર્ત્તિ અનુપમ જ્યાં મળી
પહાડો અને ખીણોતણી. ૭

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



ને મહાગંભીર આ
સિંધુ જે મંથન કરે,
સૂર તેના ધીર હા
મુજ ઉર મહાભાવે ભરે. ૮

વળી રહ્યા પાતાળમાં
પૃથ્વીના ઉદરે ભર્યાં
ભેદ કંઈ કંઈ કાળના,
તે પણ સહજ મનમાં ઠર્યાં. ૯

ઊંડી એ કુદરતતણું
જોયું સર્વ મહત્ત્વ મેં;
ને સીંચ્યું આત્મે ઘણું
કલ્યાણકારી સત્ત્વ મેં. ૧૦

જાણ્યું કંઈ ન હશે વધુ
ભવ્ય, સુંદર, ને મોહું ;—
પણ ગયો ભૂલી બધું
માનવહૃદય જ્યારે દીઠું ! ૧૧

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



મુઠ્ઠીભર આ વસ્તુમાં
શી કળા કિરતારની !
કોટિ સૃષ્ટિ સમસ્ત આ
એ પાસ છે તલભારની ! ૧૨

નાથ ઓ ! તારી કળા
શોધીએ બીજે કહિં ?
દીધું તનેજ પિછાનવા
માનવહૃદય અમને અહિં ! ૧૩

Gandhi Heritage Portal

# શું બોલું

(પદ)*

શું બોલું, રે મૈયા! શું બોલું?
મારો કંઠ આ રૂંધાય, મૈયા! શું બોલું? (ધ્રુવ)

સાતે સાગર તરીને આવ્યો જે જોદ્ધો,
કાંઠે ડૂબે તે અહિંયાં શું બોલું?
મારો કંઠ આ રૂંધાય, મૈયા! શું બોલું? ૧

ઇંદ્રધનુષ્ય પાંખો ખોલે ન ખોલે,
ઊડે સૌંદર્ય તહિં, હા! શું બોલું?
મારો કંઠ આ રૂંધાય, મૈયા! શું બોલું? ૨

સંધ્યાની કીકી જરા પલકે ન પલકે,
મીંચે અંધાર જઈ આ, શું બોલું?
મારો કંઠ આ રૂંધાય, મૈયા! શું બોલું? ૩

*"ક્યા માગું રે મૈં ક્યા માગું, ઐસી ટૂંકીસી જીંદગીમેં ક્યા માગું?"—એ ચાલ.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



તાપે તૃષાતુર આવી હંસી તળાવે,
નીર રહ્યાં ત્યાં નહિ, હા! શું બોલું?
મારો કંઠ આ રૂંધાય, મૈયા! શું બોલું? ૪

જુગતી પંખીની જોડી બેઠી જઈ ડાળે,
તૂટી ડાળી તે ગઈ, હા! શું બોલું?
મારો કંઠ આ રૂંધાય, મૈયા! શું બોલું? ૫

ભડકે ઉગાડ્યાં ફૂલો, ફૂલમાં છે તણખા;
શોધું સુગંધ કહિં આ, શું બોલું?
મારો કંઠ આ રૂંધાય, મૈયા! શું બોલું? ૬

સૌંદર્ય ને આશાના પલકા છે અધુરા:
જીવનના રંગ કંઈ આ: શું બોલું?
મારો કંઠ આ રૂંધાય, મૈયા! શું બોલું? ૭

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# હૈયાના ઘાવ

(રાગ માઢ)

જગહૈયાં ખોલી ખોલી જુઓ,
હૈયે હૈયે ઘાવ.
કંઈ હૈયે હૈયે ઘાવ,
ઊંડા હૈયે હૈયે ઘાવ રે.—જગહૈયાં૦ (ધ્રુવ)

વાદળ વાદળ વીજળી ચીરે,
નીરે ભરાય તળાવ;
હૈયે હૈયે ઘાવ ઝરે તેમાં
તરતું જીવનનું નાવ રે.—જગહૈયાં૦ ૧

ઉન્નત, અડગ હિમાચલ જેવાં
દીસે સાધુ-ઉર શાંત;
ઊંડી ઊંડી એ થકી પણ વહેતી
કંઈ કંઈ ગંગા એકાંત રે—જગહૈયાં૦ ૨

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



ચંદ્રે ચંદ્રે હોય કલંક, ને
સૂર્યે સૂર્યે ડાઘ;
હૈયે હૈયે ઘાવ છતાં દીપે
પુણ્યનાં તેજ અથાગ રે.—જગહૈયાં૦ ૩

ચાર આંગળનું હૈયું છે તેમાં
કોટિક કોટિક ભાવ:
કેમ સમાત એ ટૂંકા જગતમાં
હોત ન હૈયે ઘાવ રે?—જગહૈયાં૦ ૪

ગંગા યમુનાના ધોધ સૂકાશે,
સૂકાશે સાગરનાં નીર;
ઊંડા આકાશનાં તેજ સૂકાશે,
ન સૂકાય હૈયે વાગ્યાં તીર રે.—જગહૈયાં૦ ૫

દહાડે દહાડે અજવાળાંનાં અમૃત ને
અંધારી અંધારી રાત:
ઊંડા, અબોલ હૈયાના ઘાવની
ખોલે અનેરી કો વાત રે?—જગહૈયાં૦ ૬

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



થાક્યા થાક્યા છે આલમના આત્મા ને
થાકી છે દુનિયાની દેહ;
કોણ કળે આ શૂન્ય જગતમાં
ભાગ્યા હૈયાના સ્નેહ રે ?—જગહૈયાં૦ ૭

ઊંચા આકાશથી પુણ્યરૂપ ઝરતાં
સ્વર્ગગંગાનાં નેવ;
ઘાવે ઘાવે હસે પ્રભુની પ્રતિમા ને
બનતા માનવના દેવ રે !—જગહૈયાં૦ ૮

પાપના ભાર ઉતારજો, સ્વામી !
પુણ્યના રસ છલકાવ !
એ રસલીલાના ભોગ ભોગવવા
હો હૈયે હૈયે ઘાવ રે !—જગહૈયાં૦ ૯

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# કિસ્મત

(ગઝલ)

ખુદા જાણે લખ્યું હોશે અમારે કિસ્મતે શું આ!
ભલાની આ ભલાઈમાં બુરાઈ કંઈ થતે શું આ! —ખુદા૦

નથી તકસીર કંઈ કીધી, કરી તદબીર કંઈ સીધી:
મગર તકદીર વગર એવી બુરાઈ આવતે શું આ? —ખુદા૦

નફાની ના રહી આશા, ખફાના સૌ પડ્યા પાસા:
વફાની આ વફાઈમાં જફા પૂરી હતે શું આ? —ખુદા૦

ચુભે ખંજર ઊંડું પેસી જિગર નાખ્યું બધું રહેંસી;
અરે ઓ નાતરસ ખૂની! ન આવી રહેમતે શું આ?—ખુદા૦

ગુલોની ચાદરો છાતાં અમારે દિલ પડ્યા કાંટા;
અરે અફસોસ કિસ્મત! તું ડૂબાવે લ્યાનતે શું આ?- ખુદા૦

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



અમે ચાહી વફાદારી, પડી ત્યાં તો છરી કારી!
અરે દુનિયા! ચશમ તારી ઝરે છે આગ તે શું આ?—ખુદા૦

અમારી દિલલગી ભારી, અમારી એ ગુનેહ્‌ગારી!
પરેશાની, પશેમાની અમારી મોહ્‌બતે શું આ? —ખુદા૦

અમારાં દર્દનાં આંસુ ગણે નાદાન દુનિયા શું!
ખુદાની એ ખુદાઈમાં અદલ છે આફ્તે શું આ? —ખુદા૦

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# દાન

(ગરબી)

૧

એક જાચક આવ્યો મારે બારણે, જય સીતારામ!
આવી ઊભો તે ભિક્ષા કારણે, જય સીતારામ!
ઓ દરિયાસાગર રાજવી! જય સીતારામ!
તમ દાને છે દુનિયા લાજવી, જય સીતારામ!
તમ પુણ્યે આકાશ અજવાળિયાં, જય સીતારામ!
રહેજો અમર તમ મંદિર માળિયાં, જય સીતારામ!
દ્યો ભોજન, ઊભાં ભૂખિયાં, જય સીતારામ!
દઈ દાન કરો કંઈ સુખિયાં, જય સીતારામ!
એવું સુણી મેં ભૂખદુઃખ કાપિયું, જય સીતારામ!
હતું જે કંઇ તે મેં આપિયું, જય સીતારામ!
ગયો, ખાધું ને ખરચી નાખિયું, જય સીતારામ!
નહિ પાસે જરા પણ રાખિયું, જય સીતારામ!
ફરી આવી આવી લાગે માગવા, જય સીતારામ!
હું ન શક્ત બન્યો ભૂખ ભાગવા, જય સીતારામ!

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૨

ફરી જાચક આવ્યો મારે બારણે, જય સીતારામ!
આવી ઊભો તે ભિક્ષા કારણે, જય સીતારામ!

એ પુણ્યપ્રતાપી રાજવી! જય સીતારામ!
ભૂખિયાંની ભૂખ નિત ભાંજવી, જય સીતારામ!

ધરીએ આશા તમ દાનમાં, જય સીતારામ!
લઈએ નામ તમારું ગાનમાં, જય સીતારામ!

દ્યો દાન, ઊભાં અહિં ભૂખિયાં, જય સીતારામ!
હારી અંતર કરજો સુખિયાં, જય સીતારામ!

એવું સુણી સંતાપ તેનો કાપિયો, જય સીતારામ!
મેં શુદ્ધ વિચાર એક આપિયો, જય સીતારામ!

ગયો, જીરવ્યો ને તે જોગવ્યો, જય સીતારામ!
મન જાગ્યું ને રસ ખરો ભોગવ્યો, જય સીતારામ!

નહિ આવ્યો ફરી તે માગવા, જય સીતારામ!
લાગ્યો પોતે ભૂખદુઃખ ભાગવા, જય સીતારામ!

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



## પાંપણના પડદા

(ગીત—ભેરવીનો લય)

પાંપણના પડદા ઉપાડો રે,
કોઈ પાંપણના પડદા ઉપાડો, ભલા!
મારાં નયનોની ઉષા ઉઘાડો રે,
કોઈ પાંપણના પડદા ઉપાડો, ભલા!—

ઊંચે ઝૂલેલી અમરવેલી,
ફૂલે ઝૂમેલી ઊભી જ્યોતિ રેલી:
તેને ઝીલવા હો હૈડું જગાડો રે,
કોઈ પાંપણના પડદા ઉપાડો, ભલા!
મારાં નયનોની ઉષા ઉઘાડો રે,
કોઈ પાંપણના પડદા ઉપાડો, ભલા!

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



આત્મા પડયો ગુંચવાય તે છૂટશે કહો કયારે ?
હૈડે પડયો અંધાર તે તૂટશે કહો કયારે ?
પ્રભુતાભર્યાં ફૂલડાં અહિં ખીલશે કહો કયારે ?
નયનો પરમમંદિરસુધા ઝીલશે કહો કયારે ?
બ્રહ્માંડ આ કીકી વિશે સમશે કહો કયારે ?—

મારી જન્મોની જડતા જવાડો રે,
કોઈ પાંપણુના પડદા ઉપાડો, ભલા !
મારાં નયનોની ઉષા ઉઘાડો રે,
કોઈ પાંપણુના પડદા ઉપાડો, ભલા !

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# માનવદુઃખ અને પ્રભુનો સ્નેહ*

(પદ)

પ્રભુ સંભારે રે અમને પળપળે,
એવાં જગમાં છે કોનાં રે ભાગ્ય?
અંતર ધારે રે અમને પળપળે,
એવો પ્રભુનો છે સ્નેહ અથાગ:
પ્રભુ સંભારે રે અમને પળપળે! ૧

દુખડાં દોહલ રે ધોળે પળપળે,
મારા પ્રભુનાં એ મોંઘેરાં દાન;
કાનમાં કોયલ રે બોલે પળપળે,
તેમાં રહીએ સદા ગુલતાન:
પ્રભુ સંભારે રે અમને પળપળે! ૨

*ઘણી નાની વયથી અતિ તીવ્ર શિરોવેદના અને કાનના દર્દથી હું પીડાતો હોવાથી એક દિને એક મિત્રે સવાલ કર્યો કે "તમને આટલું બધું દુઃખ હોવાનું શું કારણ હશે, અને એમ છતાં તમારું મુખ પ્રસન્ન કેમ રહે છે?" એના ઉત્તરમાં આ પદ લખાયું હતું.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



આછાં અંધારાં રે સરતાં પળપળે,
તે તો તેજનાં ઉઘડે કમાડ;
લોચન મારાં રે ભરતાં પળપળે,
તેમાં પીગળે પાપના પહાડ:
પ્રભુ સંભારે રે અમને પળપળે! ૩

હૈડું ધબકે રે જળતું પળપળે,
ઠોકે નિશદિન પુણ્યનું દ્વાર;
અધીરૂં ઝબકે રે મનડું પળપળે,
રખે ચૂકે તે દિવ્ય દિદાર:
પ્રભુ સંભારે રે અમને પળપળે! ૪

તાપ ઉચાટે રે રાખે પળપળે,
બળું બળું ધરા થઈ જાય,
આંબલા વાટે રે પાકે પળપળે,
એવા અમૃતરસ છલકાય:
પ્રભુ સંભારે રે અમને પળપળે! ૫

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



ઘેરી ઘણેરી રે છાયા પળપળે
આવે આવે ને જાય અનેક;
ઝૂમે અનેરી રે કાયા પળપળે,
તોય રાખે પ્રભુ અમ ટેક:
પ્રભુ સંભારે રે અમને પળપળે! ૬

દુખડાં દેજો રે અમને પળપળે!
ભલે ડોલજો ચૌદે બ્રહ્માંડ!
અંતર વહેજો રે શમને પળપળે:
ઝીલશું મનભર પ્રભુરસકાંઠ!
પ્રભુ સંભારે રે અમને પળપળે! ૭

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# દુઃખની દેવી

(ગરબી)

આંસુડાં ભરોની મારાં બાલુડાં રે લોલ !
આંસુડે ઝરે અમોલા ઓઘ જો :
આંસુડાં ભરોની મારાં બાલુડાં રે લોલ !
આંસુડાંમાં વિશ્વના વિલાસ છે રે લોલ,
આંસુડાંમાં જોગીઓના જોગ જો :
આંસુડાં ભરોની મારાં બાલુડાં રે લોલ ! ૧

દુઃખની દેવી હું જગતમાવડી રે લોલ,
દુઃખનાં પીયૂષ પાઉં રોજ જો :
આંસુડાં ભરોની મારાં બાલુડાં રે લોલ !
શિરે વરસાવું ઊંડી વાદળી રે લોલ,
નીરના ભરૂ નયને હોજ જો :
આંસુડાં ભરોની મારાં બાલુડાં રે લોલ ! ૨

Gandhi Heritage Portal

અંધકારે લીંપ્યું મારૂં આંગણું રે લોલ,
માંહિં પધરાવ્યા ગુરુદેવ જો :
આંસુડાં ભરોની મારાં બાલુડાં રે લોલ !

ટમકે છે દિવ્ય ઊંડા તારલા રે લોલ,—
દુનિયાને દીનતાની ટેવ જો :
આંસુડાં ભરોની મારાં બાલુડાં રે લોલ ! ૩

પૃથ્વીમાં પ્રકાશની ઝડી ઝરે રે લોલ,
ઝીલે તેને મોંઘી દુઃખથાળ જો :
આંસુડાં ભરોની મારાં બાલુડાં રે લોલ !

થાળે થાળે ધ્રૂજે પ્રાણપાંદડી રે લોલ,
ફૂટે તેમાં ફૂલડાંના ફાલ જો :
આંસુડાં ભરોની મારાં બાલુડાં રે લોલ ! ૪

પુણ્યકેરા પાટ મારા પંથમાં રે લોલ,
વીર કો કરે ત્યાં વિષપાન જો :
આંસુડાં ભરોની મારાં બાલુડાં રે લોલ !

વહાલાં ! વિરાજો વદનહાસ્યથી રે લોલ,
દુઃખડાં તો દેવકેરાં દાન જો !
આંસુડાં ભરોની મારાં બાલુડાં રે લોલ ! ૫

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



## બાળશો ના

(૫૬)*

બાળશો ના, કોઈ બાળશો ના,
જગતઝાળમાં બળ્યાંને વધુ બાળશો ના! (ધ્રુવ)

ઊંડા જ્વાળામુખી કંઈ પડ્યા છે જૂના,
ઊના ઊના કરી ઉકાળશો ના:
જગતઝાળમાં બળ્યાંને વધુ બાળશો ના! ૧

તપી તપી ઉચાટે આવ્યાં જળઘાટે,
વાટે વાટે ફરી ઉછાળશો ના:
જગતઝાળમાં બળ્યાંને વધુ બાળશો ના! ૨

દિલમાંના દૈત્યો જે સૂતા દિલ ફોલી,
ખોળી ખોળી તેને પંપાળશો ના:
જગતઝાળમાં બળ્યાંને વધુ બાળશો ના! ૩

---

* "ક્યા માગું રે મૈં ક્યા માંગું, એસી ટૂંકીસી જીંદગીમેં ક્યા માગું?"—એ ચાલ.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



દુઃખના તે પહાડમાંથી ગંગા ઉતારી,
વારી વારીને પાછી વાળશો ના:
જગતઝાળમાં બળ્યાંને વધુ બાળશો ના ! ૪

જ્યોતિ જ્યોતિમાં બાળી કુંદનની કાયા,
માયા માયા કહી આડું ભાળશો ના:
જગતઝાળમાં બળ્યાંને વધુ બાળશો ના ! ૫

ભૂત ભીડાયાં પાછળ, ઉઘડે મહાભાવિ,—
આવી આવી તે શમણું ખાળશો ના :
જગતઝાળમાં બળ્યાંને વધુ બાળશો ના ! ૬

ભસ્મે ઢાંકયા અંગારા જીવનના મૂકી,
ફૂંકી ફૂંકી તેને પ્રજાળશો ના :
જગતઝાળમાં બળ્યાંને વધુ બાળશો ના ! ૭

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# સંધ્યાકાળે સાગરકિનારે

(હરિગીત)

ગંભીર સાગર ઉછળતો ધ્રુજવે ધરા ગર્જન કરી,
ને ઘોષ તેના ગગનને ઘૂમાવતા ખુબ ધુન ભરી;
એ ઘોષના તરતા તરંગે કિરણરંગો પ્રોઇને,
નગવેલડી પાછળ સૂતો રવિ સૌમ્ય સંધ્યા મોહીને. ૧

ચુંમે શિખર આકાશને ત્યાં કનકસરિતા રેલતી
અંધારમુખ વહીં જાય ધીમે રંગ વ્યોમે ખેલતી;
શિખરો નીચે છાયા ઊંડી લંબાતી જાય ધરા પરે,
ને મંદમંદા ચંદ્રિકા નિજ સ્નેહશ્વાસે જગ ભરે. ૨

સાગર કૂદે નિજ તાનમાં, ભરતી ભરે, ખાલી કરે,
ને ગૂઢ લેખે જગતનો ઇતિહાસ તટ પર ચીતરે:
ફરી એજ સાગરતીર હું આવી પડું તે વાંચવા,
પળ એક કંઈ સમજું જરા ત્યાં હૃદય લાગે નાચવા. ૩

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



એ ધન્ય પળમાં હૃદયના તારો ઝીણા ઝઝણી રહે,
રણકાર કંઇ ઊઠે દિલે, નવજ્યોતિ કંઇ આંખે વહે:
સંસારના અંગારની ત્યાં ઝાળ ના કંઈ લાગતી,
પણ ભાવિનું ઉર ચીરતી નવકલ્પના કંઈ જાગતી. ૪

એ મિષ્ટ પળમાં અંતરે મૃદુ ભાવ કંઇ જન્મે નવા,
ઘડી રક્ત સાથે શ્વાસને પણ તે કહે થંભી જવા;—
આંખો છતાં દેખે નહીં, કર્ણો છતાં સૂણે નહીં,
પણ આત્મ ઊંડો જાગી વધુ દેખે વધુ સૂણે તહીં. ૫

એ પળ વિશે પડી રેતીમાં, હું જોઉં ઊંચે ને નીચે:
રજની ધીમે અંધારજળ આકાશથી જગ પર સિંચે;
પ્હાડે, મિનારા, વૃક્ષ સૌ—દુનિયા બધી તેમાં ડૂબે,
એ નિત્યપ્રલયજ નિરખવા તારા નભે નીકળી ઊભે. ૬

દુનિયા ડૂબે, દુનિયા તરે: એ જોય માનવ સર્વદા;
આ વિશ્વના પલ્લાતણી દાંડી રહે નવ સ્થિર કદા;
દુનિયા તરે, દુનિયા ડૂબે: માનવ ઊડે, માનવ સૂએ,
ને ભાર વ્હેતા પ્રાણીશું ચાલી જતું સત્ત્વ શું . ૭

Gandhi Heritage Portal

દુનિયા ડૂબે, દુનિયા તરે: તરતાં ડૂબે, ડૂબતાં તરે:
ડૂબતાં વીણે મોતી અને તરતાં ઝીલે તારા કરે!
એ વીણતું, એ ઝીલતું, આ વિશ્વ ચાલ્યું જાય છે,
અગણિત વર્ષ થયાં ઉભય પલ્લાં હિંદોળા ખાય છે. ૮

દુનિયા બધે અધુરી દિસે, માનવ બધું સમજે નહીં:
આ સત્ય શું, આ શુદ્ધિ શું, કરીને પડે શંકા મહીં;
અધુરૂં દિસે નજરે બધું તે પૂર્ણ સર્વ થશે મળી,
છૂટી પડી લાગે કડી સંધાય ત્યારે સાંકળી. ૯

નહિ સત્ય દુર્ગમ કો થકી, નહિ શુદ્ધિ દુર્ઘટ કો દિસે:
જોતા બધા તારા જુએ, કુસુમો બધાં કાજે ખીલે;
જેમ મ્હેલથી ત્યમ ઝૂંપડેથી ધૂમ્ર વ્યોમજ જાય છે:
પણ માનવીથી માનવી જૂદોજ કંઇ દેખાય છે. ૧૦

આ દૃશ્યભેદે વિશ્વપલ્લું તો ભરાતું ડોલતું,
કો દૂર દિવ્યપ્રસંગ માટે સૃષ્ટિને હિંચોળતું:
કર્ત્તવ્ય કરતો માનવી નિજ ભાગ નાખે તે વિશે,
શંકા કરે નહિ કે ન ભેદાભેદ જાણે કો મિશે. ૧૧

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



માટી થકી કંચન જડે, પથ્થર વિશે રત્નો મળે,
હા, તેમ માનવદેહમાંથી દેવ આખર ઝળહળે!
સુખદુઃખનું આ વૃક્ષ વધતું મંજરી ભર ધારશે,
ફળફૂલથી ઝૂકી રહી આનંદ દિવ્ય પ્રસારશે. ૧૨

કંઈ પર્વતો પીગળી જઈ ઝાકળ સમા ઊડી જશે,
પડશે ધરા સાગરમુખે, સાગર હઠી ખાલી થશે,
ખરશે ઉડુ, રવિ શીત થશે, પડશે શશી કાળા ખમાં,
પણ માનવી કર્ત્તવ્યવશ વધતો જશે નિજ તેજમાં! ૧૩

જે તેજ વેરાયું જગે તે બિંદુરૂપ રહ્યું બધે,
આ વિશ્વમાં તારા સમું નિયમે રહી આગળ વધે;
અંધારમાં ઘસડાય પણ છે દૃષ્ટિ દૂર દિશા ભણી,
કો મહાતેજ વિશે જઈ મળશે બધી જ્યોતિકણી. ૧૪

નીચે પડી આ રેતીમાં જોઉં ઊંચા આકાશને,
આતુરનયન નિરખું ગગનમંડળ રમાતા રાસને:
બ્રહ્માંડ કુલ ઝમકારતુંજ તણાય ઊંડી તાનમાં,
ને આ ધરા પણ દોડતી લઇ જાય સૌ તે સ્થાનમાં. ૧૫

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



તો હે મહાસુખ સાગરા! તુજ ઘોષ નિત્ય ગજાવજે!
એ ઘોષમાં અમને સદા કર્ત્તવ્ય અમ સમજાવજે!
તુજ નિત્યજાગૃત હૃદયનું બળ આપજે અમને જરા,
આ પળ સમી કંઈ ધન્ય પળ દેજે ઘણી, હે સાગરા! ૧૬

અંધારમાં આ તારલા નિજ પંથમાં વાધે ક્રમે,
આકાશભરતા ભવ્ય તેજે જઈ પ્રભાતે સહુ સમે:
ત્યમ આ ધરા પર ઘૂમતા, હે સાગરા! આપણ જશું,
તે દૂર દિવ્યપ્રસંગમાં તું, હું, બધા સાથે થશું! ૧૭

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# નાચ

(ગરબી)

એક રસિયો રહ્યો દૂર દૂર,
થનગન નાચે રે!
એના નાચે જગત ચકચૂર,
રસભર રાચે રે!— (ધ્રુવ)

રસિયો નાચે પ્રીતિના ચોકમાં,
જાગે જગત ઝમકારે રે;
પદે પદે નવજ્યોતિ ઝરે ઊંડી,
જાગે જીવન અમીધારે:
હો! થનગન નાચે રે! ૧

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



નાચે આકાશ, નાચે તારલા, ને
નાચે સૂરજ ને ચંદા રે;
નાચે ધરા, નાચે સિંધુ ધમકતો,
હૈયે મારે નાચે પડછંદા :
હો ! થનગન નાચે રે ! ૨

ઊંડે આનંદ એક નાચે અલબેલડો,
રેલે અખંડ રસહેલી રે;
ભરતી ભરાય જગઅંગે ઉછળતી,
રંગે ભીંજાય ઘેલી ઘેલી :
હો ! થનગન નાચે રે ! ૩

નાચે રીઝાય કોઈ, નાચે ખીજાય કોઈ,
નાચે ભીંજાય સહુ સાથે રે;
વાંકીચૂંકી પડે પગલી જગતની,
તોય રાખે ધરી નિજ હાથે :
હો ! થનગન નાચે રે ! ૪

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



આઘી દિશાઓ ધીમે ખોલતી ને
જામે પુનીત ગીત ઘેરાં રે;
ભુવન ભુવનમાં ઉઘડે આંખલડી,
નાચે હૈયે શમણાં અનેરાં:
હો! થનગન નાચે રે! ૫

રસિયાં! આવો, કુમકુમ પગલે,
નાચે દઈએ સહુ તાળી રે;
નાચો, નાચો, મારા રસિયાના નાચમાં
તાળી ન જાય કદી ખાલી:
હો! થનગન નાચો રે! ૬

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# નવભૂમિ

(૫૬)*

ઊભું વ્યોમ ઊંચે જગ છાઈને રે,
ઊભું ધરણી સાગર શીર જો,
ઊભું રાત દિવસ ગબડાવતું રે,
ઊભું ભવ્ય મહાગંભીર જો :
આંધી સર્વ દિશા આ વિશ્વની રે. ૧

ધરણી ધગતી, સાગર ઉકળે રે,
વનમાં કાંટા, સિંધુ કરાળ જો;
ઊભું વ્યોમ ઊંચે, આપણ નીચે રે,
તમ અમને લેતું એક ફાળ જો :
એક કદમમાં વિશ્વ સમી જતું રે. ૨

ઘડી બે ઘડી જશે અધમીટમાં રે,
પુણ્યપદો સંભળાશે દ્વાર જો :
ઉકળતા સાગર નહિ ઘોરતા રે,
નહિ કાંટા, ન ધરાઅંગાર જો;
જઈશું પ્રિય એવી નવભૂમિમાં રે ! ૩

* "ઓધવ ! એક વાર ગોકુળ સંચરો રે," —એ ચાલ.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



ફૂલડાં વેરંતી ધરણી હસે રે,
સાગર છલકે અમીનિધાન જો:
ઊભું વ્યોમ નીચે, આપણ ઊંચે રે,
પ્રભુપગલાંનું જાદુઇ પાન જો!
સમતું વ્યોમ ઊંડું પ્રભુઅંતરે રે. ૪

વહાલાં! પ્રભુના મીઠા બોલડા રે
વરસે ધરણી સાગર શીર જો,
દ્વારકમાન દીપે નવધામની રે
ઉપર ભવ્ય મહાગંભીર જો,
ત્યાંથી જવું પાવન પ્રભુદેશમાં રે. ૫

પડો ફાટે ને છાયા ઉડતી રે,
ભુવન ભુવન ઉઘડે ભરરંગ જો:
છો આજે રજની ગુંગળાવતી રે,
કાલે નવલ પ્રભાત સુસંગ જો:
વહાલાં! ઊંચે વ્યોમ નિહાળીએ રે! ૬

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# પ્રભુનાં ઘેલાં

(૫૬)

પ્રભુનાં ઘેલાં બનીએ, વહાલાં! પ્રભુનાં ઘેલાં જી.
હો વહાલાં! પ્રભુનાં ઘેલાં જી.—(ધ્રુવ)

જગડાહ્યાંનું ડહાપણ ડોલે, તેશું ન બોલે નાથ,
હો જી, તેશું ન બોલે નાથ;
જગડાહ્યાં જો બને પ્રભુઘેલાં તો પ્રભુજી આવે સાથ:
હો વહાલાં! પ્રભુનાં ઘેલાં જી. ૧

ભરબપ્પોરે ઘોર અંધારૂં, ભરદરિયે જળખોટ,
જુઓ જી, ભરદરિયે જળખોટ;
જગજ્ઞાનીનું જ્ઞાન બંધાતું જગજ્ઞાનીને કોટ!
હો વહાલાં ! પ્રભુનાં ઘેલાં જી. ૨

મોંઘેરા મહેલ ને કિલ્લા કચેરી, કોઈ ન આવે કામ,
જગતમાં કોઈ ન આવે કામ;
ફૂંકે વંટોળીઆ, ધરણી કંપે, ત્યાં વીર પણ હારે હામ:
હો વહાલાં! પ્રભુનાં ઘેલાં જી. ૩

Gandhi Heritage Portal

આગે જળે નહિ, રેલે ડૂબે નહિ, કાપે ન કોટિક વીજ,
કદાપિ કાપે ન કોટિક વીજ;
અમૃતરૂપી એ અંતર ધારે પ્રભુઘેલાંની પતીજ:
હો વહાલાં! પ્રભુનાં ઘેલાં જી. ૪

ઘેલાં રે ઘેલાં, આપણ ઘેલાં, ડાહ્યાં હસે ધરી ગર્વ,
ભલે રે ડાહ્યાં હસે ધરી ગર્વ;
એવાં ડાહ્યાંનાં હાસ્યરુદનમાં દુનિયા ડૂબી ગઈ સર્વ!
હો વહાલાં! પ્રભુનાં ઘેલાં જી. ૫

એ આંખે એ ચિત્ર ન દેખે, એ કાને ન એ બોલ,
સુણે કો એ કાને ન એ બોલ;
ઘટઘટ પ્રભુઘેલાંના પ્રાણનું ડાહ્યાં કરે શું તોલ?
હો વહાલાં! પ્રભુનાં ઘેલાં જી. ૬

ઘેલો આત્મા, ઘેલું હૃદય, ને ઘેલો આપણો સાથ,
હસી લ્યો! ઘેલો આપણો સાથ;
એવાં ઘેલાંના આનંદે હસવા, ઘેલા બને જગનાથ!
હો વહાલાં! પ્રભુનાં ઘેલાં જી.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



## જીવનસંધ્યા

(૫૬)*

સખી ! ઝૂમાઈ પ્રાણની પાંખડી રે,
અધસૂકી લાગે શું વસંત જો ;
ખાંચી ખાંચી વરસે મેઘલા રે,
અધુરાં અજવાળાં ઉતરંત જો :
સખી ! કંઇ ચાલી ગયું જીવનથકી રે ! ૧

મીઠાં તેજોમય સ્વપ્નાં હતાં રે,
ધરણીમાં કંઈ દીપતી જ્યોત જો;
ઝળહળતી ઊંડેરી આંખડી રે,
સંદેશા દેતા ખદ્યોત જો :
સખી ! જીવનમાં એવું કંઇ હતું રે. ૨

---

* " ઓધવ ! એક વાર ગોકુળ સંચરો રે, "—એ ચાલ.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



વનલીલામાં પ્રાણ વસાવતો રે
પંખીડાંનો પુણ્યસમાજ જો;
કુંજેકુંજ મૂગી ખાલી દિસે રે,
અધુરૂં અધુરૂં લાગે આજ જો:
સખી ! જીવનમાં કંઇ ઊણું થયું રે. ૩

ઉઘડતા પ્રત્યેક પ્રભાતમાં રે,
કે પુણ્યોશું ખીલતે ફૂલ જો,
રંગો કંઈ આવે ને જાય છે રે,
પણ કંઇ ગઈ તે પ્રભા અતૂલ જો:
સખી ! કંઈ જીવનમાં ઘટતું દિસે રે. ૪

આજે એજ ઊભી તરુવેલડી રે,
એજ ઉપર છાયું આકાશ જો,
ઘૂમતી રવિચંદ્રની બેલડી રે
વેરે એજ અલૌકિક હાસ જો:
સખી ! પણ કંઇ એમાંથી ઉડી ગયું રે. ૫

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



સખી ! આ ધરણી તજતી તેજને રે,
કે આ ભૂલતી મારી આંખ જો ?
અંધારે ગૂંથાયું તેજ, કે રે
તેજતણી બીડાતી પાંખ જો ?
સખી ! કંઈ એવું અગમ્યજ શું હશે રે ? ૬

શું સૌંદર્ય ન ધારે એકતા રે,
કે નવ ધારે માનવઉર જો ?
જ્યોત અખંડ અચળ પથ પર દીપે રે,
કે વધતાં ખસતી તે દૂર જો ?
સખી ! કંઇ એવી સમસ્યા સૃષ્ટિની રે ! ૭

ટહુકા કરતાં બુલબુલ કોકિલા રે,
તે સાથે રસ ઝીલતાં વૃક્ષ જો :
નાચે થનથન મોંઘા મોરલા રે,
તારા ટમકે નયને લક્ષ જો :
સખી ! એ સર્વ લહું કંઈ અંતરે રે ! ૮

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



પણ આ સાગર ઊંડો ઘોરતો રે,
ને પીંપળ ઊભાં સૂકાઈ જો;
ઊંડા કંઈ નિઃશ્વાસ વહાવતાં રે,
કરતાં એજ કથા સુખ કાંઈ જો:
સખી ! ક્યાં મોંઘેરાં શમણાં ગયાં રે ? ૯

નિદ્રા જેવું જીવન આપણું રે,
એક રજનીનો જન્મ જણાય જો;
ફૂટી તારા સંધ્યાતેજથી રે
વધતાં અંધારે ગૂંથાય જો:
સખી ! એવા જીવને પડદા પડે રે. ૧૦

પણ તે શમણાંની છાયા રહી રે,
અગ્નિને ભારેલી રાખ જો;
જીવનવનમાં વધતા પ્રાણને રે
તિમિરે તેજતણી રહે ઝાંખ જો:
સખી ! સ્મરણે કંઈ સત્યો જાગતાં રે ! ૧૧

Gandhi Heritage Portal

ઊંડી કાળી છાયા મેઘની રે,
કે બ્રહ્માંડભર્યા ભરશોર જો,
નહિ ઢાંકી, નહિ ભૂલાવી શકે રે
એ સ્મરણોના પ્રિય અંકોર જો:
સખી! અમીસાગરતીર એ કંઇ ઉગે રે. ૧૨

તો આ અંધારે નભગંગને રે
જોતાં તારકશું જવું તીર જો:
ઉતરતા જીવનના પંથમાં રે
ધર્મ અને શ્રદ્ધામાં ધીર જો:
સખી! કંઇ એ અંતર બળ આપતું રે. ૧૩

સખી! આ વનલીલામાં નાચતાં રે
પંખીડાં રેલે રસરેલ જો,
ને આ ઝરણાં દેડે કૂદતાં રે,
એમ હતા મુજ બાળકખેલ જો:
સખી! તો એ આજે વધુ વહાલીડાં રે. ૧૪

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



સંધ્યામેઘે રંગ રમી રમે રે
ને આથમે તેજોનું તેજ જો:
સંકેલાશે તેમ જીવન જગે રે
પ્રભુજીની પ્રભુતામાં એજ જો:
સખી! ત્યારે પણ તે કંઈ દોરશે રે! ૧૫

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



## અગોચર ધામ

(રાગ માઢ)

એક મોંઘું અગોચર ધામ રે
મારા અંતરનો આરામ.— (ધ્રુવ)

જોઉં જોઉં ત્યાં આંખ ભૂલે ને
બોલી બોલી ભૂલું નામ;
ખોળું ખોળું પણ સહેજમાં સરકે
હાથ આવ્યો વિશ્રામ રે,
એક એવું અગોચર ધામ. ૧

રાતદિવસ નહિ, તેજતિમિર નહિ,
નહિ કોઈ કાળ કે ઠામ;
પૃથ્વી, પાતાળ, આકાશ નહિ, કંઈ
રૂપ ન રંગ ન નામ રે,
એવું એક અગોચર ધામ. ૨

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



આંધી દિશા પણ શોધી જડે નહિ,
શોધી જડે નહિ વાટ;
પંથ પડયો કંઈ પાય નીચે, પણ
ગોત્યા ગંગાના ઘાટ રે,
જોવા એક અગોચર ધામ. ૩

ભર્યાં સરોવર નીરથકી ને
હંસલા ઊભા તીર;
નીર દીઠાં નહિ, શોષ છિપે ત્યાં
કોણ પેગંબર પીર રે ?—
એવું એક અગોચર ધામ. ૪

વાટમાં પૂછો, ઘાટમાં પૂછો,
પૂછો સકળ સંસાર;
તારકઝૂંડશું રોજ અંધારે
નાવે ભટકતાં પાર રે,
એવું એક અગોચર ધામ. ૫

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



પંખી પડે ઝંપલાવી ન સિંધુમાં
શોધવાને આકાશ:
મચ્છ ઉડે નહિ તેમ નભે, શીદ
માનવની ઊંધી આશ રે,
જોવા દૂર અગોચર ધામ? ૬

સૂની સૂની આ કલ્પના આપણી
શોધે શું તારકપાર?
કાન માંડે તો ગાન સુણે અહિં જ
મર્ત્યધરાને દ્વાર રે;
રહ્યું અહિં જ અગોચર ધામ. ૭

દેવ અને મહાદેવ બધા અહિં
મળતા હજી ઠોરેઠોર:
પત્ર હલાવો, શિલા ઉથલાવો, ત્યાં
પ્રગટશે દિવ્ય અંકોર રે,
વસ્યું અહિં જ અગોચર ધામ. ૮

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



કાશી મથુરાં કે મક્કા મદીના
　　મળશે હૃદયને ઘાટ :
ઓળો, ઓળો, જરા આત્મથી માગો, ત્યાં
　　પ્રગટશે સ્વર્ગના પાટ રે,
　　　　મોંઘું મળશે અગોચર ધામ ! ૯

અંતરસ્વર્ગના પાલવ પકડી,
　　ધરજો અખંડ એક આશ :
રોતી જગતમાં ઝીલશે ને ભરશે
　　આત્મા ઊંડેરાં હાસ રે,
　　　　જોઈ મોંઘું અગોચર ધામ ! ૧૦

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# વિશ્વનું ગુહ્ય

(ગરબી)*

એક વસ્તુ રહી છે ગૂઢ, પ્રગટ તે કોણ બતાવે?
ડૂલ્યા જ્ઞાની ધ્યાની બની મૂઢ, પ્રગટ તે કોણ બતાવે?-(ધ્રુવ)

સાત પડો અંધારનાં વીંટયાં છે ચોપાસ,
એકેકથી ગાઢાં અધિક, તેમાં ઊંડે ઊંડે રહ્યો વાસ:
પ્રગટ તે કોણ બતાવે?— ૧

કંઈ કંઈ રજ એ વસ્તુની પડ ફોડી વેરાય;
જ્યમ જ્યમ પડ એ ખોળીએ, ત્યમ ત્યમ દૂર જતી તે જણાય:
પ્રગટ તે કોણ બતાવે?— ૨

માનવ વસ્તુ ભૂલીને રજમાં રહે અંજાઈ;
જ્યમ જ્યમ રજ ચળકે ઘણી, ત્યમ ત્યમ અંધાર રહે ગૂંથાઈ:
પ્રગટ તે કોણ બતાવે?— ૩

એ રજને પણ કદી કદી વીંટે વાદળ ઘોર;
ચમકે ચપળા આભમાં, વળી સિંધુ કરે બહુ શોર:
પ્રગટ તે કોણ બતાવે?— ૪

---

*"લોચન મનનો રે કે ઝઘડો લોચન મનનો,"—એ ચાલ.

Gandhi Heritage Portal

ગાઢાં જંગલ ઝાડી ને ઊંડી ગુહા ને પહાડ:
ભેદી ભેદી અભેદ્ય રહે વળી કંઇ કંઈ આડ કરાડ:
પ્રગટ તે કોણ બતાવે?— ૫

તેજ છતે જગ અંધ છે, આંખ છતે જન અંધ:
આત્મા છુપાયો આત્મનો, ત્યાં કોણ છોડે અંધારના બંધ?
પ્રગટ તે કોણ બતાવે?— ૬

ઊંડી ઊંડી વસ્તુ ને ઊંડી ઊંડી આશ:
માનવ મોરલીને તજી ફૂંકે અગ્નિ–ફૂંકણીમાં શ્વાસ:
પ્રગટ તે કોણ બતાવે?— ૭

વિશ્વ છુપાવે વસ્તુને; કોમળ માનવદષ્ટ;
વસ્તુપ્રકાશ અસહ્ય છે, તેને ઢાંકે જગતનાં કષ્ટ:
પ્રગટ તે કોણ બતાવે?— ૮

તોય જગત ને કાળ એ પોષે માનવબાળ;
જ્યાં તક દૃષ્ટિ ઠરે નહીં, ત્યાં તક કેમ ઝીલે તે ઝાળ?
પ્રગટ તે કોણ બતાવે?— ૯

જોશે અનિમિષ આંખ જ્યાં ભરમધ્યાહ્નને સૂર;
વિશ્વ જશે સરી આંખથી, પછી વસ્તુ મળે પૂરનૂર,
પ્રગટ રૂપ ધન્ય બતાવે!—૧૦

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# સ્વર્ગને બારણે

(છંદ હરિગીત)

૧

ભિક્ષુક ઊભો આ બારણે,
ભૂખ્યો ભીખને કારણે;
ભર સૃષ્ટિમાં
તુજ દૃષ્ટિમાં
સહુ છે સમાન ઉધારણે.
જગથી અને જગતેજથીજ તજાયલો,
જનચક્ષુ ને નભતારલાથી હીણાયલો,
આ અણછૂટચા અંધારમાં,
આત્મ ફેધતા ભારમાં,
ઊભો છું કાળકટાક્ષથી ભેદાયલો:
રજનીતણો રથ જાય ધીરે ચૂરતો મુજને સદા;
દીનનાથ! તારા વિશ્વમાં આ તું છતે શી આપદા?

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૨

હા, હતી ઉષા મુજ આંખમાં,
તેજરંગી લાખમાં,
ગુલ ધારતી,
ઉર ઠારતી,
સંધ્યા ભરી'તી પાંખમાં;—
નવવ્યોમખુલતાં સ્વપ્નમાં વીંટાઇને
કંઇ સુખવિચાર વિશે સૂતો ગૂંથાઇને;
એ સ્વપ્નવસ્ત્રો મુજ ગયાં
દેહથી ઉતરાઈ જ્યાં,
સંધ્યા ઉષા પણ સર્વ ગઇ લૂંટાઈને:
ઊભો દિગંબર તુજ કને એ ઊંઘમાંથી જાગતો,
ઓ નાથ ! આ નાચાર તુજ બસ પ્રેમભિક્ષા માગતો !

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૩

પ્રિય સ્વર્ગબ્હાર મૂક્યો મને,
રાખ્યું વચમાં વ્યોમને;—
ઘડીઘડી રડી,
નભતરુ ચઢી,
હું ચુંબું તારક સોમને:
હું સ્વર્ગ કેરાં ફૂલ પણ ભૂલી ગયો,
કંઈ મંદ છાયામાં તહિં ડૂલી રહ્યો;
તુજ આંગણું ઊંચું પડ્યું,
હૃદય નીચે આથડ્યું;
તુજ માંડવો વધુ ફૂલથી ઝૂલી રહ્યો:
લહરી સરે નીચે સુવાસિત, ઝડપી તે ઉર હું ભરું,
ને એ સુગંધથકી હું ફૂલની કલ્પના કંઈ કંઈ કરું.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૪

રે પૃથ્વીને ખોળે પડી
દિવસ કંઈ કાઢ્યા રડી;
મન રોળતો
જગ ખોળતો
આકાશનેજ ખભે ચઢી;
પ્રત્યેક પવન પૂંઠે પડ્યો હું આશમાં,
નવરંગ ગલીગૂંચી ફર્યો આકાશમાં,
પણ એ પવનરથધૂળથી
આંખ મુજ ત્યાં ભૂલતી,
ને વિપથ જઈ તૂટી પડું કો પાશમાં:
ગત દિવસના ઢગલા તળે મુજ જીવન ઘાયલ છે પડ્યું;
તુજ પ્રેમના શું પ્રહાર ઝીલવા, નાથ ! આ અમ ઉર ઘડ્યું ?

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૫

ગાળેલ ઊના હેમની
શુદ્ધ ધારા પ્રેમની
તુજ જગ વહે,
ને બધું દહે
એ તમમાયા ક્ષેમની :
ફળદ્રૂપ છે તુજ વિશ્વક્ષેત્ર રસે ભર્યાં,
તુજ તેજબીજ અમૃતત્વપૂરિત છે કર્યાં,
પણ ધગધગિત ધારા પડે,
ખેતરો તુજ તે વડે
ત્યાં ખેડતો તું જાય હાસ્ય પૂરી નર્યાં :
ઓ નાથ ! તારાં ક્ષેત્ર પાકે રુદનતાપ વતે ખરાં,
શું મૃત્યુનું ખાતર દઈ ઉગાડવાં તુજ ખેતરાં ?

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૬

તુજ ચરણ ચાલે મુજ શિરે,
તપ્ત દેહ ભરે નીરે,
મુજ નસનસે
જીવન કસે,
તુજ હળ ફરી ચીરા ચીરે;
કંટક અને ખડિયાં બધે રોળાઈને,
બની એકરસ રહેતાં રસે ચોળાઈને;
તુજ તેજબીજ ખિલાવવા
પછી ફૂટે અંકુર નવા,
ને મોદભર રહું તુજ પવન ઝૂલાઈને:
હે નાથ! હું-મય પાક એ તૈયાર કર તુજ તાપથી;
સ્થિતિ થાય મુજ તુજ બારણે, એ ધન્ય પળથકી રહું મથી!

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૭

બહુ વેળ હું સંધ્યા સમે
જોઇ રહું રવિ આથમે,
ને સ્વપ્નશું
નિરખું કશું
ત્યાં સ્વર્ગ હસતું ચોગમે:
આ સૃષ્ટિ દૃશ્યાદૃશ્ય વચ્ચે ઝૂલતી,
કંઇ ભાવિને જોવા જતી ત્યાં ભૂલતી;
એ સર્વ જિજ્ઞાસા તજી,
વર્તમાનજ રહું ભજી,
એ બીજમાંહિંજ ભાવિ છે વસ્યું મૂળથી:
આકાશની કંઇ તોતળી બોલી મથું હું બોલવા,
ત્યાં મર્ત્ય સંગીતમાધુરી મુજ જાઉં ભૂલી ખોલવા!

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૮

ભિક્ષુક ઊભો તુજ બારણે,
મૂઠી ભીખને કારણે;
છે સૃષ્ટિમાં
મુજ દૃષ્ટિમાં
તું જ મારણે કે તારણે!
તુજ તાપથી મુજ વસ્ત્ર સર્વ બળી ગયાં,
મુજ પોપચાંનાં પડ બધાં પીગળી ગયાં;
ખોયાં ઘણાં, રોયાં ઘણાં,
ચક્ષુ વિણ જોયાં ઘણાં,
તે આજ નવનેણે બધાંય મળી ગયાં!
ભંડાર જે ન ભરાય તે તુજ મૂઠી એક જ દે ભરી,
ઓ નાથ! તારે આંગણે હું નાથભર જીવું ફરી!

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



૫

કુલ ખલક સાથે ખેલતી,
કંઈક ભૂમિ હડસેલતી,
વધતી વધી
સ્વર્ગે ચઢી
આ રેલ આવી રેલતી:
તુજ સ્વર્ગની કૂંચી રહી મુજ અંતરે;
શોધ્યું નહીં તે આજ મળ્યું મુજને ખરે:
તુજ બારણે અથડચો અહિં,
ફૂટચું અંતર મુજ તહિં,
માંહેથી કૂંચી નીકળી રેલે તરે!
આ રેલ વિશ્વ ડુબાડતી મુજને મૂકે તુજ બારણે:
ઓ નાથ! દ્વાર ઉઘાડ તારાં! ધાર તારે ધારણે!

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# માટીનું મૂલ

(ચક્રાવલિ છંદ)*

ઓ જગનાથ !
પાંખ વિનાનો માનવ હું તો
સંધ્યાશું રમવાને જાઉં ;
તારલડાશું ભરવા બાથ ;
ને વીજળીનો બાંધવ સૂતો
તે ગગડાટ જગવવા ચાહું :
પણ કંઈ ગાઉં,
તે પહેલાં પછડાય અવાજ, ને ત્યાં ધૂળ ભરે મુજ હાથ.— ૧

---

*આ છંદ નવો રચ્યો છે. સવૈયા એકત્રીશા અને ચોપાઇના ખંડોના સવિવેક મિશ્રણથી વાણીને ચંચળ ગતિ આપનારો આ નવીન છંદ બન્યો છે.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



"રે રણવીર!
કોલાં કૂતરાં તો ભય પામી
હાર્યાં સમજી ભાગી જાય;
પણ જો કેસરી ઉન્નતશીર!
ભોંય પડયો ઉછળે ફરી નામી,
તોડે કે છોડે નિજ કાય;
ધન્ય ગણાય!
કાયર જીવતો મૂઓ જાણ, રણશૂરો મરણે રણધીર. ૨

"આવો શૂર!
હરિનો મારગ છે શૂરાનો,
કવિની એ વાણી છે સત્ય;
બહાર પડો લઈને રણતૂર!
નહિ પાવૈને ચઢશે પાનો,
શૂરા કેરી અનેરી ગત્ય:
વીરતાનૃત્ય
વીર રંગેરંગ નાચી રહે; હરિ જીતવા ઝૂકાવો પૂર!"— ૩

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



આ શા બોલ !
ઊંડા વ્યોમતણાં પડ ચીરી
આવે આથડતા અહિં આમ,
કરવા કંઈ માટીનું તોલ;
હોય ફકીરી, હોય અમીરી,
પણ શૂરા મૂકે નહિ મામ:
ઉર, ધર હામ !
પડવું તે ચઢવાને ફરી, હરિ લંબાવે હાથ અમોલ.— ૪

“શું તું જોય?
ઓ માટીના માનવ ! તારી
માટીમાં છે હરિનું હેમ;
તું જેવો સદ્‌ભાગી કોય?
ખોળી જો તુજ દીપ સમારી
એની રજ ચળકે છે કેમ:
મેળવ એમ,
ને એ માટીને કર શુદ્ધ, પછી બધો હરિહેમજ સોહ્ય.”—૫

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



વારંવાર
એમ સુણ્યું છે કે હરિધામે
પૂગવા પહેલાં આવે પૂલ,
તે છે કઠણુ ઉતરવો પાર;
દાનવ ઊભા ઠામે ઠામે
તે માગે માટીનું મૂલ:
ન પડે ભૂલ,
એવો મંત્ર શિખાડો કાંઇ, કરીએ નિર્ભય પૂલ પસાર!— ૬

"લે એ મંત્ર!
એ માટી ફોડીને ઊંડો
અંદર ઉતર્યો જા તું હેઠ;
કર ત્યાં સાચી શોધ સ્વતંત્ર!
માટીમાં રસ પૂરતો રૂડો
જડશે ત્યાં પછી કૂપ વચેટ,
તેની હેઠ
કૂંચી એક જણાશે પડી, લઈ તે ખોલી દે ઉરયંત્ર! ૭

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



"સુણુ એ ગાન:
લાવ, અહિં તું તારી સાથે,
જે માગે બીજો નહિ કોઈ;
સાંભળ, જે સુણતો નહિ કાન;
આપ, જડે નહિ જે તુજ હાથે,
લે, સઘળું જે દીધું ખોઈ;
ને રહે જોઈ:
જા તું મૂલ વૈર્યની પાર, દઈ એવું માટીનું દાન! ૮

"જીતવા હાર!
ખડકો ખેડ નિરાશા કેરા
જ્યાં તક પાકે પુણ્યઅનાજ;
અંધ છતાં પણ જો અંધાર;
દુખમાં ઠોક જીવનના ડેરા,
મરણે બાંધ જીવનની પાજ;
જાવા કાજ,
દે એવું માટીનું મૂલ, ને નિર્ભય કર પૂલ પસાર! ૯

Gandhi Heritage Portal

"ના કર ચંત!
વિશ્વ વસે તુજ કીકીમહિં જો,
સૌમાં તું પોતે દેખાય,
એવો બને તુજ દૃષ્ટિ અનંત:
પથ્થર એક હલાવે અહિં તો
આકાશે તારો ખસી જાય:
વધુ શું આશ?
જા તું પૂલ વટાવી પાર, જો હરિધામે અમરવસંત!"—૧૦

* * *

ઓ જગનાથ!
પાંખ વિનાનો માનવ હું તો
આજ ઉષાશું રમવા જાઉં:
રાત મથ્યો તારલડા સાથ;
ને નભવનનો સિંહ જે સૂતો
તે દિનનાથ જગવવા ચાહું;
ને કંઈ ગાઉં
છેડી મુજ હૈયાના તાર, મુજ અંગુલિ ચાલે તુજ હાથ! ૧૧

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



## માનવચિંતા

(રાગ માઢ)

પ્રભુ બેઠા છે સ્વર્ગને બારણે,
આ જગત ચાલ્યું જાય:
જગત પાંસરૂં ચાલ્યું જાય,
જગત નિર્ભય ચાલ્યું જાય રે. પ્રભુ૦— (ધ્રુવ)

અણુમાપ્યાં છે તેજ જગતનાં,
અણવીંધ્યા અંધાર;
કોટિ કોટિ રવિ વ્યોમ તપે પણ
કોઈ ન પામે પાર રે.—પ્રભુ૦ ૧

ભરબ્રહ્માંડતણા સાગરમાં
ચાલે ભરતી ઓટ;
પ્રભુ બેઠા છે સુકાને, ઓ માનવ!
તારે ફિકર શી મોટ રે?—પ્રભુ૦ ૨

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



શૂન્ય વિશે બીજ વાવ્યાં જેણે,
પ્રેમે ઉછેર્યાં પૂર;
ચોગમ તરુ આ ઝૂલી રહ્યાં, તે શું
દૃષ્ટિથકી રહે દૂર રે?—પ્રભુ૦ ૩

શૂન્ય હતું ત્યાં એક બન્યું ને
એકના થાય અનેક;
સર્વ ગણિત શમ્યું એકમમાં તે
એકતણોજ વિવેક રે.—પ્રભુ૦ ૪

દિનદિન દિનકર ઉગશે ને
વહેશે કરુણાના ધોધ:
તું શું ઉકાળશે, માનવી! તું તો
કર્મે બંધાયો જોધ રે!—પ્રભુ૦ ૫

ચાલી શકે રવિ સાથ સદા તો
ક્યાં છે તિમિરના વાસ?
નાની તુજ પગલીઓ પાછળ પડતાં
પામે તિમિરનો ત્રાસ રે.—પ્રભુ૦ ૬

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



ડગમગ પગ તુજ ડોલતો ને
ડગડગ ઠોકર ખાય:
પળપળ તારી પાંખડી પકડે
પ્રભુની અંગુલિ ત્યાંય રે!—પ્રભુ૰ ૭

સૃષ્ટિસિંધુને કાંઠે ગબડતા
રેતીના કણ, ઓ ભાઈ!
પ્રભુ એક જગ જોગવે, તું યે
એક એ સાગર નાહી રે!—પ્રભુ૰ ૮

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# ત્રિકાલ

(ગરબી)*

મીઠી મીઠી બોલે, વસંત ઉર લોલે,
હો ઝૂમે આશાના મહોર;
રાતું રાતું ખીલે, પ્રભાત રંગ ઝીલે,
તે લાજે ઝાંખા ને ઘોર:
રંગ હોઠે વસે રે લોલ! ૧

કોયલ ડાળે ડાળે ટહૂકી રહે ઊનાળે,
હો નાચે પ્રીતિના મોર;
તપી તપી તાપે બપોર તેજ વ્યાપે,
તેમ ચળકે આંખલડી ચોર:
પ્રભા મુખડે હસે રે લોલ! ૨

* આ ગરબી નવી રચી છે.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



પાન ખરે ઝૂકે, હેમંત વાયુ ફૂંકે,
હો ફૂટે સ્મૃતિના ઝંકોર;
ભૂરી ભૂરી સાંઝે સરોજ દિલ દાઝે,
ત્યાં પડઘા પાડે ઉરશોર:
દિશા ડુબતી દિસે રે લોલ! ૩

સમાપ્ત

પુસ્તકાલય
અમદાવાદ.
Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૮ | ઉધાર | ઉધારા |
| ૬ | ૫ | ભમિયે | ભમીએ |
| ૧૪ | ૮ | કરિયે | કરીએ |
| ૪૦ | ૯ | સુણિયે | સુણીએ |
| ૫૮ | ૧ | બલહારી | બલિહારી |
| ૫૮ | ૧૨ | રહ્યા | રહ્યો |
| ૭૮ | ૨ | દાધો | દીધો |
| ૭૮ | ૯ | ઉછળીઁ ઉછળીઁ | ઉછળીઁ ઉછળી |
| ૮૩ | ૧૧-૧૨ | વીઁરાંગના | વીરાંગના |
| ૮૬ | ૧૫ | ના | ના, |
| ૧૩૪ | ૩ | દરિયાસાગર | એ દરિયાસાગર |
| ૧૪૬ | ૧૧ | ફ્હાડે | ફ્હાડો |
| ૧૭૫ | ૧૧ | તે તળી | તોતળી |

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal
Fundamental Works: સંદેશિકા



# અરદેશર ફરામજી ખબરદારનાં છપાયલાં પુસ્તકો

**ગુજરાતીમાં:**

૧. કાવ્યરસિકા .... .... કિંમત રૂ. ૧-૮-૦

૨. વિલાસિકા .... .... „ રૂ. ૧-૮-૦

૩. પ્રકાશિકા .... .... „ રૂ. ૧-૪-૦

૪. મલબારીનાં કાવ્યરત્નો (તંત્રી લેખે) „ રૂ. ૩-૦-૦

૫. ભારતનો ટંકાર.... .... „ રૂ. ૦-૧૨-૦

૬. સંદેશિકા .... .... „ રૂ. ૧-૦-૦

**અંગ્રેજીમાં:**

1. The Silken Tassel ( અંગ્રેજી સંગીતકાવ્યો )
કિંમત રૂ. ૨-૮-૦

Gandhi Heritage Portal